dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 228 | AD - 2026, Jeth Sud -10 | Monday, Dt. 25-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## તેલંગાણાના વિવિધ જિલ્લાઓમાં હીટસ્ટ્રોકના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ લોકોનાં મોત

# દેશભરમાં હીટવેવનો પ્રકોપ યથાવત, લોકો ત્રાહિમામ

**વિશ્વના સૌથી ગરમ ૫૦ શહેરોમાં ભારતના ૩૭ શહેરોનો સમાવેશ**

નવી દિલ્હી,તા.૨૪

દેશના અડધાથી વધુ વિસ્તારોમાં હાલમાં તીવ્ર ગરમી અને હીટવેવનો પ્રકોપ યથાવત રહ્યો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઓડિશાના અનેક વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે. મહારાષ્ટ્રનું બ્રહ્મપુરી શહેર સતત બીજા દિવસે દેશનું સૌથી ગરમ શહેર નોંધાયું છે, જ્યાં શનિવારે ૪૭.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. બીજી તરફ, તેલંગાણાના વિવિધ જિલ્લાઓમાં હીટસ્ટ્રોકના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ લોકોનાં મોત થતાં ચિંતા વધી છે.

પ્રાઈવેટ હવામાન એજન્સી AQI.inના અહેવાલ મુજબ, વિશ્વના સૌથી ગરમ ૫૦ શહેરોમાં ભારતના ૩૭ શહેરોનો સમાવેશ થયો છે. બાંદા, ચંદ્રપુર, રાયપુર અને પ્રયાગરાજ જેવા શહેરોમાં ભારે ગરમીનો પ્રકોપ જોવા મળ્યો હતો. ઉત્તર પ્રદેશના બાંદામાં ૪૬.૨ ડિગ્રી અને ઓડિશાના ઝારસુગુડામાં ૪૫.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.



રાજધાની દિલ્હીના અનેક વિસ્તારોમાં પણ તાપમાન ૪૪ ડિગ્રીને પાર પહોંચી ગયું હતું. જોકે બપોર બાદ દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસતા લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળી હતી. રાજસ્થાનના મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રીથી નીચે નોંધાયું હતું.

તેલંગાણાના હૈદરાબાદ, રંગારેડ્ડી, કરીમનગર, ખમ્મમ, નલગોંડા, સૂર્યપેટ, મુલુગુ અને મહબૂબનગર સહિતના જિલ્લાઓમાં હીટવેવને લઈ હવામાન વિભાગે ૨૬ મે સુધી એલર્ટ જાહેર કર્યું છે. લોકોને સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી ઘરની બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે. હીટસ્ટ્રોકના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ લોકોનાં મોત થતાં આરોગ્ય તંત્ર પણ સજ્જ બન્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ ૨૫ મેના રોજ દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં હીટવેવની અસર યથાવત રહેશે. બીજી તરફ, કેરળ, કર્ણાટક, તમિલનાડુ તેમજ પૂર્વોત્તર રાજ્યો આસામ અને મેઘાલયમાં વરસાદ અને ગાજવીજ સાથે પવન ફૂંકાવાની શક્યતા છે.

૨૬ મેના રોજ પણ ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હરિયાણા, દિલ્હી, પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને ઉત્તર પ્રદેશમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં ભેજવાળી ગરમી લોકોને પરેશાન કરશે. બીજી તરફ અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, બિહાર, કેરળ, લક્ષદ્વીપ અને તમિલનાડુ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આંધ્ર પ્રદેશ, ઝારખંડ, ઓડિશા, તેલંગાણા અને કર્ણાટકમાં ગાજવીજ સાથે તોફાની પવનો ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# પશ્ચિમ બંગાળમાં ૧ જૂનથી સરકારી બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરીની જાહેરાત

કોલકાતા, તા.૨૪

પશ્ચિમ બંગાળ સરકારે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે રાજ્યની તમામ સરકારી બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરીની મોટી જાહેરાત કરી છે. આ ઐતિહાસિક નિર્ણય આગામી ૧ જૂનથી અમલમાં આવશે. પરિવહન વિભાગના જાહેરનામા અનુસાર, મહિલાઓને તમામ ટૂંકા અને લાંબા અંતરની સરકારી બસોમાં આ સુવિધા મળશે.



સ્માર્ટ કાર્ડ અને અરજી પ્રક્રિયાઃઆ યોજનાનો લાભ લેવા માટે રાજ્ય સરકાર મહિલાઓને એક ખાસ ડિજિટલ સ્માર્ટ કાર્ડ (QR કોડ અને ફોટા સાથે) જારી કરશે. અરજી ક્યાં કરવીઃ મહિલાઓએ જરૂરી દસ્તાવેજો સાથે પોતાના વિસ્તારના BDO અથવા ADO કચેરીમાં અરજી સબમિટ કરવાની રહેશે. જરૂરી ઓળખ દસ્તાવેજોઃ ઓળખની ચકાસણી માટે સરકારે માન્ય રાખેલા મુખ્ય દસ્તાવેજો નીચે મુજબ છેઃ સરકારી ઓળખપત્ર (જેમ કે આધાર કાર્ડ અથવા લોકશાહી ઓળખપત્ર),મતદાર આઈડી (Voter ID) અથવા પાન કાર્ડ (PAN Card), ડ્રાઈવિંગ લાઈસન્સ અથવા ભારતીય પાસપોર્ટ, જોબ કાર્ડ (મનરેગા) અથવા આયુષ્માન ભારત હેલ્થ કાર્ડ, શાળા, કોલેજ કે સરકારી કંપનીઓ દ્વારા અપાયેલું સત્તાવાર ફોટો આઈડી.

વચગાળાની વ્યવસ્થાઃ જ્યાં સુધી મહિલાઓને કાયમી સ્માર્ટ કાર્ડ ન મળે, ત્યાં સુધી તેઓ ઉપર જણાવેલા કોઈપણ માન્ય ફોટો આઈડી બતાવીને મુસાફરી કરી શકશે. બસ કંડક્ટર દસ્તાવેજની ચકાસણી કરીને મહિલા મુસાફરોને 'ઝીરો વેલ્યુ ટિકિટ' આપશે, જેથી તેઓ મફત પ્રવાસ કરી શકશે.

# ભારત અમેરિકા પાસેથી ૫ વર્ષમાં રૂ.૪૮ ટ્રિલિયનથી વધુની ખરીદી કરશે

**વર્ષના અંત સુધીમાં ટ્રમ્પ ભારતની મુલાકાતે આવે તેવી શક્યતા**

નવી દિલ્હી,તા.૨૪

યુએસ વિદેશ સચિવ માર્કો રુબિયોની ભારત મુલાકાત વૈશ્વિક રાજકારણ અને બંને દેશોના સંબંધો માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. દક્ષિણ એશિયાઈ બાબતોના નિષ્ણાત માઈકલ કુગેલમેને આ મુલાકાતને ખાસ ગણાવતા કહ્યું કે, ક્વાડ (Quad) સમિટમાં રુબિયોની હાજરી દર્શાવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર આ સંગઠનને આગળ ધપાવવા માટે અત્યંત ગંભીર છે. રુબિયોએ ભારતને આ ક્ષેત્રમાં સુરક્ષા અને અમેરિકાની મિત્રતાનો સૌથી મજબૂત સ્તંભ ગણાવ્યો છે.




અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સોશિયલ મીડિયા પર ભારતમાં યુએસ રાજદૂત સર્જિયો ગોર અને તેમની ટીમની પ્રશંસા કરતા એક મોટી જાહેરાત કરી છે.ભારત આગામી ૫ વર્ષમાં અમેરિકા પાસેથી $500 બિલિયન (આશરે રૂ.૪૮ ટ્રિલિયન) ની ચીજવસ્તુઓ ખરીદવા સંમત થયું છે. આ અબજો ડોલરનો સોદો મુખ્યત્વે વીજળી, ઉર્જા, આધુનિક ટેકનોલોજી અને કૃષિ ક્ષેત્ર પર કેન્દ્રિત રહેશે. કુગેલમેને આશા વ્યક્ત કરી છે કે આ સફળ મુલાકાત બાદ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતે આ વર્ષના અંતમાં કોઈ મોટી સમિટમાં ભાગ લેવા માટે ભારતની મુલાકાતે આવી શકે છે.

## હુમલાખોર નાસિર બેસ્ટ જવાબી કાર્યવાહીમાં ઠાર

# વ્હાઈટ હાઉસ નજીક અંધાધૂંધ ફાયરિંગ: ટ્રમ્પ સુરક્ષિત

વોશિંગ્ટન, તા. ૨૪

અમેરિકાના વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસ નજીક ૧૭મી સ્ટ્રીટ અને પેન્સિલવેનિયા એવન્યુ વિસ્તારમાં એક શંકાસ્પદ યુવકે આશરે ૩૦ રાઉન્ડ અંધાધૂંધ ગોળીબાર કરતા ચકચાર મચી ગઈ છે. આ ઘટના ભારતીય સમય મુજબ શનિવારે રાત્રે ૩:૩૦ થી ૫:૦૦ વાગ્યાની વચ્ચે ઘટી હતી. ઘટના સમયે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસની અંદર જ હાજર હતા અને તેઓ સંપૂર્ણ સુરક્ષિત છે.




અહેવાલો અનુસાર, હુમલાખોરે સુરક્ષા ચોકી પર તૈનાત યુએસ સિક્રેટ સર્વિસના અધિકારીઓ પર ફાયરિંગ કર્યું હતું. સુરક્ષા કર્મચારીઓએ વળતો ગોળીબાર કરીને હુમલાખોરને ત્યાં જ ઠાર કર્યો હતો, જેનું હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ મેરીલેન્ડના ૨૧ વર્ષીય નાસિર બેસ્ટ તરીકે થઈ છે. આ ક્રોસ ફાયરિંગમાં એક સામાન્ય રાહદારી પણ ગંભીર રીતે ઘાયલ થયો છે. ફાયરિંગના કારણે વ્હાઈટ હાઉસમાં ૪૦ મિનિટ સુધી લોકડાઉન જેવી સ્થિતિ સર્જાઈ હતી અને નોર્થ લોનને ખાલી કરાવાયો હતો. એફબીઆઈ ડિરેક્ટર કાશ પટેલે આ અંગે સઘન તપાસ શરૂ કરાવી છે.

તપાસમાં બહાર આવ્યું છે કે નાસિર માનસિક રીતે અસ્વસ્થ હતો અને અગાઉ જૂન અને જુલાઈ ૨૦૨૫માં વ્હાઈટ હાઉસમાં ઘૂસવાનો પ્રયાસ કરતી વખતે પકડાયો હતો. ત્યારે તેણે પોતાને "ભગવાન" અને "આધુનિક ઈસુ" ગણાવ્યો હતો. તેની સોશિયલ મીડિયા પોસ્ટમાં તેણે પોતાને "વાસ્તવિક ઓસામા બિન લાદેન" કહી ટ્રમ્પને નુકસાન પહોંચાડવાની ધમકી આપી હતી.

નોંધનીય છે કે, આ ઘટનાના થોડા દિવસો પહેલા જ રાષ્ટ્રપતિ ટ્રમ્પની પુત્રી ઈવાન્કા ટ્રમ્પને પણ જાનથી મારી નાખવાની ધમકી મળી હતી, આ અગાઉ વાર્ષિક 'વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનર' અને ૧૩ જુલાઈ ૨૦૨૪ના રોજ પેન્સિલવેનિયાની રેલીમાં પણ ટ્રમ્પ પર જીવલેણ હુમલાના પ્રયાસો થઈ ચૂક્યા છે.

# જસ્ટિસ મીનાક્ષી મદન રાય પટના હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ બનશે




પટના,તા.૨૪

પટના હાઈકોર્ટને નવા મુખ્ય ન્યાયાધીશ (ચીફ જસ્ટિસ) મળ્યા છે. કેન્દ્ર સરકારે સિક્કિમ હાઈકોર્ટના વરિષ્ઠ જસ્ટિસ મીનાક્ષી મદન રાયની પટના હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકેની નિમણૂકને મંજૂરી આપી દીધી છે. ૨૨ મે, ૨૦૨૬ના રોજ યોજાયેલી સુપ્રીમ કોર્ટની કોલેજિયમની બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.









### એક મહિનામાં ત્રીજી ઘટના, શ્વાનના હુમલાથી ખેડૂત અને ખેત મજૂરો ત્રાહિમામ પોકાર્યા

# ખાનખીજડીયા ગામે શ્વાનનો આતંક, ૧૫ દિવસમાં ત્રીજો હુમલો

**ખેત મજુરના બાળકોને શિકાર બનાવતી શ્વાન ટોળકીને ઝડપવી જરૂરી**

વડીયા,તા.૨૪

અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના ખાન ખીજડીયા ગામે શિકારી શ્વાનના આતંકથી ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ ફેલાયો છે. છેલ્લા ૧૫ દિવસમાં માનવ પર થયેલો આ ત્રીજો હુમલો હોવાનું સામે આવ્યું છે. તાજેતરમાં ખેત મજૂરી કરીને ગુજરાન ચલાવતા પરિવારના સાત વર્ષીય બાળક વિજય પર ત્રણ શ્વાનોએ જીવલેણ હુમલો કર્યો હતો.માહિતી મુજબ, બાળક ખેતર પાસે ચાલતો હતો ત્યારે અચાનક શ્વાનની ટોળકી તેના પર તૂટી પડી હતી. શ્વાનોએ બાળકના શરીરના અનેક ભાગોમાં બચકા ભરતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. પરિવારજનો અને સ્થાનિક લોકોએ તાત્કાલિક બાળકને બચાવી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વડિયા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે તેને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો.ખાન ખીજડીયા ગામના વાડી વિસ્તારમાં શ્વાનના સતત હુમલાઓથી ખેડૂત અને ખેત મજૂરોમાં ભારે ચિંતા ફેલાઈ છે. થોડા સમય પહેલા આ જ વિસ્તારમાં એક સાત વર્ષની બાળકીનું શ્વાનના હુમલામાં મોત નિપજ્યું હતું, જ્યારે તેની મોટી બહેન પર પણ જીવલેણ હુમલો થયો હતો. વારંવાર બની રહેલી આવી ઘટનાઓને લઈને ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. ખેડૂતો અને ખેત મજૂરોએ શિકારી શ્વાનની ટોળકી સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે, જેથી ભવિષ્યમાં નિર્દોષ બાળકો પર આવા હુમલા અટકાવી શકાય.






## શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજ અમરેલીનું ૧૦૦% પરિણામ

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત'શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજ'ની વિદ્યાર્થિનીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના M.Sc.(MB) સેમેસ્ટર-૧ ની યુનિવર્સિટી પરીક્ષામાં શાનદાર પ્રદર્શન કર્યુ છે. આ પરીક્ષામાં કોલેજે ૧૦૦% પરિણામ મેળવવાની સાથે તમામ વિદ્યાર્થિનીઓએ ડિસ્ટિંક્શન પ્રાપ્ત કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. જેમાં કોલેજ કક્ષાએ ૭૯.૧૭% સાથે દવે તનીશા બી. પ્રથમ, ૭૭.૩૩% સાથે સાનેપરા હસ્તી જે. દ્વિતીય અને ૭૧.૦૦% સાથે ભાદાણી ક્રિષ્પુ પી. તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે. આ ભવ્ય અને ગૌરવપૂર્ણ સિધ્ધિ બદલ સંસ્થા તરફથી તમામ સ્ટાફ, વિદ્યાર્થિનીઓ અને રેન્કર્સને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



## અમરેલીના મોટા માચીયાળા ગામેથી ચાર જુગારી ઝડપાયા

**પોલીસે રોકડા ૧૭.૫૫૦ સાથે જુગારીયાઓ ઝડપ્યા**

અમરેલી, તા.૨૪

અમરેલીના મોટા માચીયાળા ગામેથી પોલીસે ચાર જુગારીને રોકડા ૧૭,૫૫૦ સાથે ઝડપ્યા હતા. પરબતભાઈ ઉર્ફે પોપટભાઈ ચાવડા,પ્રવિણભાઈ ભીખાભાઈ ચૌહાણ, વિશાલભાઈ રવજીભાઈ ચાવડા તથા બાઘાભાઈ કરશનભાઈ કોટડીયા જાહેરમાં પૈસા-પાના વડે હાર-જીતનો તીન-પત્તીનો જુગાર રમતાં ઝડપાયા હતા.







## સાવરકુંડલામાં મંત્રી પરષોત્તમભાઈ સોલંકીના જન્મદિવસે છાશનું વિતરણ

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલાના રિધ્ધિ સિધ્ધિ નાથ મહાદેવ ચોક ખાતે રાજ્યકક્ષાના મંત્રી પરષોત્તમભાઈ સોલંકીના જન્મદિવસ નિમિત્તે સેવાકાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. કોળી સમાજના આગેવાન ભાવેશભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા કાળઝાળ ગરમીમાં લોકોની જઠરાગ્નિ ઠારવા માટે વિનામૂલ્યે મસાલા છાશ વિતરણ કેન્દ્ર ખુલ્લું મૂકાયું હતું, જે અંતર્ગત રાહદારીઓ અને શ્રમિકોને અંદાજે ૧૨૫૦ ગ્લાસ ઠંડી છાશનું વિતરણ કરાયું હતું. છાશ વિતરણ પૂર્વે મંત્રીના દીર્ઘ આયુષ્ય માટે મહાદેવ મંદિરમાં વિશેષ પ્રાર્થના અને મહાઆરતી યોજાઈ હતી. સ્થાનિક આગેવાનો અને મિત્ર મંડળના સહયોગથી યોજાયેલા આ ભગીરથ કાર્યને સ્થાનિક લોકોએ અંતરપૂર્વક બિરદાવ્યું હતું.



## મોટા માંડવડા ગામ પરિવાર દ્વારા રાજ્ય મંત્રી કૌશિક વેકરીયાનું સન્માન



અમરેલી,તા.૨૪

અમરેલી વિધાનસભા વિસ્તારમાં ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ અને જેટકોના સહયોગથી ગામેગામ હિટાચી મશીન ફાળવી જળસંચય અને જળસિંચનનું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી બદલ ગુજરાત સરકારના રાજ્ય ઊર્જા મંત્રી કૌશિક વેકરીયાનું મોટા માંડવડા ગામ પરિવાર તથા આજુબાજુના ગામોના લોકોએ ભાવપૂર્વક સન્માન કર્યું હતું. આ પ્રસંગે કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે અમરેલી જિલ્લામાં વિકાસ માટે ઉદાર હાથે સહાય કરી છે અને આગામી સમયમાં પણ વિકાસના કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે. જળસંચય જેવા લોકહિતના કાર્યો ગ્રામ્ય વિકાસ માટે ખૂબ જ જરૂરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પ્રફુલભાઈ સેંજલિયા, જયસુખભાઈ કસવાલા સહિતના આગેવાનો તથા વિસ્તારના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.




## જિલ્લામાં પાંચ મહિલા સહિત ૧૧ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૪

જિલ્લામાં વિવિધ સ્થળેથી પાંચ મહિલા સહિત ૧૧ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો. આ લોકો પાસેથી ૩૪ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં ૧૧ ઈસમો કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.




### તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૭૩/૨૦૨૬

અરજદાર : શ્રી બાંભણીયા સોમબાઈબેન ઉકાભાઈ
સરનામુ : મું.ટીંબી તા.જાફરાબાદ જી. અમરેલી મો.

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - ટીંબી
મું.ટીંબી તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના ટીંબી** ગામના **શ્રી બાંભણીયા સોમબાઈબેન ઉકાભાઈ** એ તેમની **પુત્રી નામે સવિતાબેન ઉકાભાઈ બાંભણીયા નો જન્મ** તા.૦૪/૦૮/૧૯૬૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એ.બી.શિયાળ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ નોંધ** રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ માહે. ૧૩ માર્ચ સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખઃ- ૧૩/૦૩/૨૦૨૬**

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

### રાજુલાના મહે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.રાજુલા

જન્મ/મરણ અરજી નં.૫૧૯/૨૦૨૪

અરજદાર :- શ્રી રામશીભાઈ ભગવાનભાઈ વાઘ
ઉ.વ.૪૩, ધર્મે : હિન્દુ, ધંધો : મજુરી
રહે : મુ. બારપટોળી, તા.રાજુલા, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : બારપટોળી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના બારપટોળી ગામના રહીશ શ્રી રામશીભાઈ ભગવાનભાઈ વાઘએ તેમની પુત્રી લક્ષ્મીબેનનો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૯ ના રોજ રાજુલા તાલુકાના બારપટોળી ગામે જન્મ અંગેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એસ.એ.વીછી મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૧ માહે. ૦૫ સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરીને આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા.૦૧/૦૫/૨૦૨૫**

(કોર્ટનો સિક્કો)

**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૧૧/૨૬ — તા.૨૨/૦૫/૨૦૨૬

અરજદારઃ- (૧) શ્રી ભરતભાઈ વાસુરભાઈ મૈસુરીયા
રહે. હાલરીયા, તા.બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી એ.કે.સાવલીયા રહે.બગસરા
મો. ૯૦૧૬૦ ૬૪૦૦૯

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી
હાલરીયા, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ભરતભાઈ વાસુરભાઈ મૈસુરીયાના પિતાશ્રી વાસુરભાઈ રામભાઈ મૈસુરીયાનું મરણ તા.૦૧/૦૫/૧૯૮૧ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હાલરીયા મુકામે જન્મ/મરણ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ/મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૨૬/૦૫/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**



**શિક્ષણ સ્વપ્નદ્રષ્ટા વસંતભાઈ ગજેરાનું વધુ એક પ્રેરણાદાયી કાર્ય**

# અમરેલીમાં ૮ એકરમાં વાત્સલ્યધામનનું નિર્માણ

**વાત્સલ્યધામમાં અનાથ અને નિરાધાર બાળકોને આશરા સાથે શિક્ષણ અપાશે**





અમરેલી,તા.૨૪

અમરેલીના જાણીતા શિક્ષણ દ્રષ્ટા અને પરોપકારી વ્યક્તિત્વ વસંતભાઈ ગજેરા દ્વારા આગામી ટૂંક સમયમાં અમરેલી ખાતે પણ 'વાત્સલ્ય ધામ' બનાવવાની ઉમદા નેમ વ્યક્ત કરવામાં આવી છે. વસંતભાઈ ગજેરાના આ પરોપકારી સંકલ્પને સમગ્ર પંથકના લોકોએ હૃદયપૂર્વક આવકારીને આવા સુંદર સામાજિક કાર્ય કરવા બદલ તેમને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા છે. અમરેલીમાં લાઠી રોડ પર આવેલા ગુજરાત કેમ્પસ વિદ્યાસભા ખાતે આશરે ૮ એકરના વિશાળ સંકુલમાં આ વાત્સલ્ય ધામનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે, જે આગામી થોડાજ દિવસમાં સમાજના અનાથ અને નિરાધાર બાળકો માટે એક નવો સૂર્યોદય લાવશે. વસંતભાઈ ગજેરા સામાજિક સેવાની દીર્ઘકાલીન દૃષ્ટિ ધરાવે છે. સુરતના કામરેજ ખાતે છેલ્લા ૨૦ વર્ષથી સફળતાપૂર્વક વાત્સલ્ય ધામ ચલાવી રહ્યા છે, તેમજ ઓડિશા રાજ્યમાં પણ છેલ્લા ચાર વર્ષથી આવું જ વાત્સલ્ય ધામ અવિરત કાર્યરત છે. આ સેવાકીય પ્રકલ્પની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં અનાથ અને નિરાધાર બાળકોને માત્ર આશરો જ નહીં, પરંતુ ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પણ આપવામાં આવે છે.ધો. ૧૨ માં અભ્યાસ પુર્ણ થાય ત્યા સુધી તેમની રહેવા-જમવાની સંપૂર્ણ સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. અહીં બાળકોને વિવિધ પ્રકારની વ્યાવસાયિક તાલીમ આપીને રોજગારી માટે આત્મનિર્ભર બનાવવામાં આવે છે, જેથી તેઓ સમાજમાં સન્માનભેર જીવી શકે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને ગુનાખોરી અને વ્યસન જેવી સામાજિક બદીઓથી દૂર રાખીને તેમનામાં શ્રેષ્ઠ જીવન મૂલ્યોનું જતન કઈ રીતે કરવું તેની ગહન સમજણ આપવાનો છે. નિરાધાર બાળકોને આશરો આપી તેમના જીવન ઘડતર માટે યોગ્ય માર્ગદર્શન આપવું એ જ આ વાત્સલ્ય ધામની ખરી ઓળખ છે. જો આ ધામની આધુનિક પ્રવૃત્તિઓ વિશે વાત કરીએ તો, તેમાં અત્યાધુનિક ટેકનોલોજી યુક્ત શિક્ષણ, તંદુરસ્ત શરીર અને મનના નિર્માણ માટેના વિશેષ વર્ગો, વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, રમત-ગમત અને વૈવિધ્યસભર મનોરંજનના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાળકોમાં સંસ્કાર સિંચન માટે સાંસ્કૃતિક અને દેશભક્તિના સમારોહ, વિવિધ તહેવારોની હર્ષોલ્લાસ સાથે ઉજવણી તેમજ શૈક્ષણિક પ્રવાસનું સુંદર આયોજન પણ કરવામાં આવે છે. સરળ સમાજના નિર્માણ માટે નિરાધાર બાળકોને તમામ પ્રકારની સુવિધાઓ સાથે ગુણવત્તાસભર શિક્ષણ મળે તેવા ભગીરથ પ્રયાસો શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા વસંતભાઈ ગજેરા દ્વારા સાકાર થઈ રહ્યા છે, જે અમરેલી માટે ગૌરવ સમાન છે.

**૨૦ વર્ષ પહેલા ૩૫ બાળકોથી વાત્સલ્ય ધામ શરૂ થયુ હતુ : વસંતભાઈ ગજેરા**

૨૦ વર્ષ પહેલાં માત્ર ૩૫ બાળકોથી શરૂ થયેલું વાત્સલ્ય ધામ આજે સુરત અને ઓરિસ્સાના પુરી શહેરમાં સફળતાપૂર્વક ધમધમી રહ્યું છે. ગજેરા પરિવારના વસંતભાઈ ગજેરાના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં અંદાજે ૧૭૦૦ નિરાધાર બાળકોએ આ સંસ્થામાં આશરો લીધો છે. તેમાંથી ૮૦૦ બાળકો પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને પગભર બન્યા છે, જ્યારે અન્ય ૯૦૦ બાળકો હાલમાં અહીં શિક્ષણ મેળવી રહ્યા છે. આ બાળકોને ઉત્તમ શિક્ષણ અને સંસ્કાર આપીને સમાજમાં સન્માનભેર જીવતા કરવા એ જ આ સંસ્થાનો મુખ્ય હેતુ છે. હવે આ શુભ આશય સાથે ગજેરા પરિવારે અમરેલી વિદ્યાસભા ખાતે નવા વાત્સલ્ય ધામનું નિર્માણ કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે, જ્યાં બાળકોને રહેવા, જમવા અને અભ્યાસ સહિતની તમામ સુવિધાઓ સંપૂર્ણપણે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. વસંતભાઈ ગજેરાએ આ પુણ્યશાળી કાર્યમાં સહભાગી થવા અને સાથ-સહકાર આપવા માટે તમામ લોકોને હૃદયપૂર્વક અનુરોધ કર્યો છે.

## મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીની એન.સી.સી. વિભાગની અનોખી સિધ્ધિ

**અંદાજે ૪૦૦ કેડેટ્સ વચ્ચે ઉત્સાહભેર ભાગ લીધો**





અમરેલી,તા.૨૪

રાજકોટ ગ્રુપ અંતર્ગત ૩ ગુજરાત ગર્લ્સ બટાલિયન-એન.સી.સી. દ્વારા ભાવનગર ખાતે ૦૬ થી ૧૫ મે ૨૦૨૬ દરમિયાન ૧૦ દિવસીય પેરાસેલિંગ કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. આ કેમ્પમાં મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીના મિક્સ યુનિટની ૩૭ ગર્લ્સ કેડેટ્સે રાજકોટ ગ્રુપના અંદાજે ૪૦૦ કેડેટ્સ વચ્ચે ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેમ્પનો મુખ્ય ઉદ્દેશ કેડેટ્સમાં સાહસિકતા, હિંમત, શિસ્ત, ટીમ સ્પિરિટ અને આત્મવિશ્વાસનો વિકાસ કરવાનો હતો. પ્રશિક્ષિત સ્ટાફની દેખરેખ અને કડક સુરક્ષા વચ્ચે જીપ આધારિત પેરાસેલિંગ સોર્ટીઝ યોજાઈ હતી. બટાલિયન કમાન્ડિંગ ઓફિસર કર્નલ વૈભવ દીક્ષિતે જણાવ્યું કે, મેજર જનરલ બિમલ મોંગાની પ્રેરણાથી યોજાયેલો આ કેમ્પ કેડેટ્સના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. તેમણે ગર્લ્સ કેડેટ્સના ઉત્સાહને બિરદાવ્યો હતો તેમજ સફળ આયોજન માટે વહીવટીતંત્ર, ભાવનગર પોલીસ, એરપોર્ટ ઓથોરિટીઝ અને મેડિકલ ટીમોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## લીલીયા ઝાપાની મેલડી મંદિરે ડાક ડમરૂ કાર્યક્રમનું આયોજન

**સાંજે ૭:૦૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન**



લીલીયા,તા.૨૪

લીલીયાના સુપ્રસિધ્ધ ઝાપાની મેલડી મંદિર ખાતે આજ રોજ બાપા સીતારામ ગ્રુપ અને અમરસિંહ હકુભાઈ કાનાણીના સંયુક્ત ઉપક્રમે ભવ્ય ડાક ડમરૂ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે રાત્રે ૯:૦૦ કલાકે યોજાનાર ભવ્ય કાર્યક્રમમાં જાણીતા કલાકારો બાવચંદભાઈ રાવળદેવ અને તેજસભાઈ રાવળદેવ ડાક ડમરૂની રમઝટ બોલાવી ભાવિકોને ભક્તિમય માહોલમાં ઝૂમાવશે.આ તકે આજે સાંજે ૭:૦૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા બાપા સીતારામ ગ્રુપના હોદ્દેદારો દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી ડાક ડમરૂ કાર્યક્રમ તથા મહાપ્રસાદનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

## બ્રહ્માકુમારી અમરેલી દ્વારા ત્રિદિવસીય બાળકી મોટિવેશન કેમ્પનું સમાપન



અમરેલી,તા.૨૪

અમરેલી સ્ટેશન રોડ સ્થિત ગોપી ટોકીઝની બાજુમાં આવેલ હેપ્પી હોમ બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે ત્રણ દિવસીય બાળકી મોટિવેશન કેમ્પનું સફળ સમાપન થયું હતું. કેમ્પમાં રોજ અંદાજે ૧૩૦ જેટલા બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન બાળકોને રાજયોગ મેડિટેશન, યોગાસન, સકારાત્મક વિચારધારા, મૂલ્યલક્ષી શિક્ષણ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, રમતગમત તેમજ મેમરી પાવર વધારવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં આત્મવિશ્વાસ, એકાગ્રતા અને સારા સંસ્કારોનો વિકાસ કરવાનો હતો. કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે બાળરોગ નિષ્ણાત ડો. એસ.આર. દવે તથા ડો. નીતિન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ સંસ્કાર સ્કૂલના પ્રિન્સિપાલ બીનાબેન ગોંડલિયા, બી.કે. કિરણબહેન અને બી.કે. તૃપ્તિબહેન દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કેમ્પમાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામો અને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. વાલીઓએ પણ આવા કાર્યક્રમોને બાળકોના સર્વાંગી વિકાસ માટે ઉપયોગી ગણાવી પ્રશંસા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન બ્રહ્માકુમારી અમરેલી કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

### :: જાહેર નોટીસ ::

આથી અમે નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ–પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે–ટીંબડી ગામે ખેડુત ખાતા નં-૧૧૭ ની ખેતીના માલીકશ્રી કોરાટ અશોકભાઈ કલ્યાણભાઈ ના સ્વતંત્ર નામે નવો સ.નં-૯૯ (જુનો સ.નં-૭૩/૫), ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૯૪–૨૪, આકાર-૯.૩૫ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨માં એકસીસ બેંક ઘોડદોડ સુરત શાખાનો રૂા. ૧૫,૫૩,૩૦૦/– નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ટીંબડી ગામે ખેડુત ખાતા નં-૩૩૭ ની ખેતીના માલીકશ્રી કોરાટ મનિષભાઈ ઘનશ્યામભાઈ ના સ્વતંત્ર નામે નવો સ.નં-૧૦૩ (જુનો સ.નં-૭૩/૩/ પૈકી ૧), ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૦-૯૭-૫૪, આકાર-૪.૭૦ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨માં એકસીસ બેંક ખરવાસા સુરત શાખાના અંકે રૂા. ૪,૫૦,૧૫૦/- ના તારણમાં તેમજ એકસીસ બેંક ઘોડદોડ રોડ, સુરત શાખાનો રૂા. ૧૫,૫૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

(૩) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ટીંબડી ગામે ખેડુત ખાતા નં-૨૧૪ ની ખેતીના માલીકો શ્રી શારદાબેન ઘનશ્યામભાઈ કોરાટ તથા શ્રી મનિષભાઈ ઘનશ્યામભાઈ કોરાટ ના સંયુક્ત નામે નવો સ.નં-૧૦૨ (જુનો સ.નં- ૭૩/૩/ પૈકી ૨), ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૦-૯૭–૧૩, આકાર-૪.૭૦ વાળી ખેતીની જમીન આવેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં એકસીસ બેંક ખરવાસા સુરત શાખાના અંકે રૂા.૪,૫૦,૧૫૦/- ના તારણમાં તેમજ એકસીસ બેંક ઘોડદોડ રોડ, સુરત શાખાનો રૂા. ૧૫,૫૦,૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલિક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ)માં અમે રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશે. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનિક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૨૪/૫/૨૦૨૬

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**




**શું તમને સાંભળવાની તકલીફ છે ?**

**નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ**

**બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ :** વૉટરપ્રુફ | રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી | બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



**અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.**

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૦૭/૨૬ તા.૨૨/૦૫/૨૦૨૬

અરજદાર:- (૧) શ્રી હમીદાબેન ઈસ્માઈલભાઈ કુરેશી
રહે. નટવર નગર, તા. બગસરા, જિ.અમરેલી
(૨) વિવાદીના વકીલ શ્રી એફ.કે.ઠેબા રહે.બગસરા
મો. ૯૯૨૫૫ ૩૭૬૭૧

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
ચીફ ઓફીસરશ્રી નગરપાલીકા કચેરી
બગસરા, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી હમીદાબેન ઈસ્માઈલભાઈ કુરેશી માસીયાઈ ભાઈની પુત્રીશ્રી રુબીનાબીબી યુનુશભાઈ ચૌહાણનું જન્મ તા.૦૭/૦૫/૧૯૮૮ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના બગસરા મુકામે જન્મ/~~મરણ~~ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ/~~મરણ~~ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૨૬/૦૫/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૧૦/૨૬ તા.૨૨/૦૫/૨૦૨૬

અરજદાર:- (૧) શ્રી કુબાવત ભગવાનદાસ મૂળદાસ
રહે. ચરખડી, તા.ગોંડલ, જિ.રાજકોટ
(૨) વિવાદીના વકીલ શ્રી એફ.કે.ઠેબા રહે.બગસરા
મો. ૯૯૨૫૫ ૩૭૬૭૧

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- (૧) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
- વ -
તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી
હમાપુર, તા.બગસરા, જિ.અમરેલી

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી કુબાવત ભગવાનદાસ મૂળદાસની પુત્રીશ્રી કુબાવત પૂર્ણિમા ભગવાનદાસની જન્મ તા.૩૦/૦૭/૧૯૮૧ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હમાપુર મુકામે જન્મ/~~મરણ~~ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાની જન્મ/~~મરણ~~ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનાવણી મુદત તા.૨૬/૦૫/૨૦૨૬ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**

### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં. /2026

પ્રતિ,
શ્રી ચીનીબેન ચીનાભાઈ બારૈયા,
રહે.માણેકપુર, ગામ-માણેકપુર, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, ડી.ઓ.કામળીયા તથા એન.બી.મેવાડા, ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, માણેકપુર, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના માણેકપુર ગામના રહીશ ચીનાભાઈ ભીખાભાઈ બારૈયા તથા ચીનીબેન ચીનાભાઈ બારૈયાના પુત્રી વૈશાલીબેન ચીનાભાઈ બારૈયાનો જન્મ તા.12/08/1999 ના રોજ ઉના તાલુકાના માણેકપુર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, માણેકપુર, તાલુકો-ઉના સને-1999 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. /૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

### -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ-નં. 117 /2026

પ્રતિ,
શ્રી રણસીભાઈ લખમણભાઈ બાંભણીયા,
રહે.નાથળ, ગામ-નાથળ, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, ડી.ઓ.કામળીયા તથા એન.બી.મેવાડા, ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, નાથળ, તા.ઉના, જિ. ગીરસોમનાથ .....સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નાથળ ગામના રહીશ રણસીભાઈ લખમણભાઈ બાંભણીયા તથા લાલીબેન રણસીભાઈ બાંભણીયાના પુત્ર બીજલ રણસીભાઈ બાંભણીયાનો જન્મ તા.01/01/2002 ના રોજ ઉના તાલુકાના નાથળ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત, નાથળ, તાલુકો-ઉના સને-2002 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

**સહી**
**(ડી.કે. ભીમાણી)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

# વડિયા ગામના કૃષ્ણપરામાં ખંઢેર પશુદવાખાનાથી માસૂમ બાળકો પર તોળાતું મોતનું જોખમ

વડિયા, તા.૨૪

વડિયામાં જર્જરિત સરકારી પશુદવાખાનાને કારણે સ્થાનિક રહીશો અને માસૂમ બાળકોના માથે મોટું જોખમ તોળાઈ રહ્યું છે, જે અંગે તંત્રની ઘોર ઉદાસીનતા સામે આવી છે. કૃષ્ણપરા વિસ્તારમાં આવેલી આ સરકારી ઈમારત હાલ તદ્દન બિસ્માર અને ખંઢેર હાલતમાં ફેરવાઈ ગઈ છે. ગીચ વસ્તી ધરાવતા આ વિસ્તારમાં પશુદવાખાનાની બિલકુલ બાજુમાં જ બે આંગણવાડીઓ આવેલી છે, જ્યાં રોજ નાના બાળકો આવે છે. ઉપરાંત, અહીં રામજીમંદિર અને પંચાયતનો રસ્તો હોવાથી લોકોની સતત અવરજવર રહે છે.



દીવાલોમાં ગાબડાં અને તૂટેલી છતને કારણે આ ઈમારત ગમે ત્યારે ધરાશાયી થાય તેમ છે, ખાસ કરીને ચોમાસામાં અકસ્માતનો ભય વધી ગયો છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર નિષ્ક્રિય હોવાથી વાલીઓમાં ભારે રોષ છે. સ્થાનિકોની ઉગ્ર માંગ છે કે કોઈ મોટી દુર્ઘટના ઘટે તે પહેલાં આ જોખમી ઈમારતનું તાત્કાલિક ડિમોલિશન કરી જગ્યા સુરક્ષિત કરવામાં આવે.

# બાબરા પોલીસે આંતર રાજ્ય ચોર ગેંગના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા

બાબરા,તા.૨૪

બાબરા તાલુકાના ખાખરીયા ગામમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને બાબરા પોલીસે સંયુક્ત કામગીરી દ્વારા ઉકેલી આંતરરાજ્ય ચોર ગેંગના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે આશરે ૨૦૦ કિલોમીટરના વિસ્તારમાં લગાવવામાં આવેલા ૧૫૦થી વધુ CCTV કેમેરાની તપાસ કરી આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી. ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન સોર્સ અને પોકેટ કોપની મદદથી આરોપીઓને મહારાષ્ટ્રના પુણે અને દાહોદ જિલ્લાના ઝાલોદમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં કાર્તિકભાઈ રમેશભાઈ ચામઠા, સુનીલભાઈ ઈશ્વરભાઈ નાનાવત અને વ્યાસ કડવા મનાવતનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ. ૧.૫૦ લાખ, ચોરીમાં ઉપયોગમાં લેવાયેલી કાર અને અન્ય સાધનો જપ્ત કર્યા છે.તપાસમાં ખુલ્યું છે કે ગેંગ Google Mapની મદદથી દૂરના ગામોને નિશાન બનાવી દિવસ દરમિયાન રેકી અને રાત્રે ચોરી કરતી હતી.



# બગસરાના જુના ઝાંઝરીયા ગામના યુવક તથા પરિવારને જાનથી મારવાની ધમકી

ધારી, તા.૨૪

બગસરાના જુના ઝાંઝરીયા ગામના યુવક તથા પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. હાર્દિકભાઈ રમેશભાઈ મકવાણા (ઉ.વ.૨૩) એ જતીન રમેશભાઈ પરમાર, મુક્તાબેન રમેશભાઈ પરમાર, તેજલબેન રમેશભાઈ પરમાર, પ્રદીપભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના બહેન સુરભીબેને જતીન પરમાર સામે મૈત્રી કરાર કર્યા હતા અને છુટુ કર્યું હતું. જે બાબતનું મનદુખ રાખી ગોવિંદપુર ગામેથી તેઓ ઝાંઝરીયા ગામે જતા હતા ત્યારે ખરાબ ગાળો આપી હતી. તેમજ ચાર ઝાપટ મારીને છરી બતાવી જાનથી મારવાની ધમકી આપી હતી.ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન બી માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

# હું તમારી સાથે વાત કરતો નથી કહેતા છરીનો ઘા માર્યો

બગસરા, તા.૨૪

બગસરામાં બે પક્ષો વચ્ચે થયેલી માથાકૂટ પોલીસ મથકે પહોંચી હતી. તેમજ બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. તસ્નીમભાઈ ફીરોજભાઈ ચોપડાએ ઉવેશભાઈ રાજુભાઈ કુરેશી, નવસાદભાઈ નજીરભાઈ પબડા, એઝાઝભાઈ યુનુસભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તેમની સાગર પાન સેન્ટરની દુકાને હાજર હતા ત્યારે આરોપીઓ એક્ટિવા લઈને આવ્યા હતા અને બોલાચાલી કરવા લાગ્યા હતા. જેથી તેમણે હું તમારી સાથે વાત કરતો નથી તેમ કહેતા ઉશ્કેરાઈ ગયા હતા અને એક્ટિવા પરથી ઉતરી ડાબા ગાલે છરીનો ઘા મારી ચરકો કર્યો હતો. આ સમયે તેમના કાકા બચાવવા વચ્ચે પડતાં તેમને પણ ઈજા પહોંચાડી હતી. જે બાદ ઉવેશભાઈ રાજુભાઈ કુરેશીએ જુનેદભાઈ ગફારભાઈ ચોપડા, ભૈયા, અકીલભાઈ રફીકભાઈ ચોપડા, સુફીયાન જમાલભાઈ ચોપડા, તસ્નીમ ફીરોજભાઈ ચોપડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તથા તેમના મિત્રો લગ્ન પ્રસંગથી ઘરે પરત હતા. સાગર પાન સેન્ટર પાસે પહોંચ્યા ત્યારે આરોપીએ તેમની એક્ટિવા ઉભી રખાવી હતી. તેમજ ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો બોલવાની ના પાડતાં છરીનો એક ઘા જમણા હાથની આંગળી વચ્ચે માર્યો હતો. તેમજ લોખંડના પાઈપ વડે મુંઢ માર માર્યો હતો.

# પીઠવડી ગામે વીજ વાયર તૂટીને વાડીના શેઢે પડતાં આગ લાગી

**ઈલેક્ટ્રિક વાયર તૂટીને તેમની વાડીના શેઢે પડ્યો**

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલાના પીઠવડી ગામે વીજ વાયર તૂટીને વાડીના શેઢે પડતાં લાગેલી આગમાં ઘાસ, આંબા દાજી ગયા હતા.

આ અંગે ભૈતિકભાઈ મનસુખભાઈ સુહાગીયા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેમની વાડી નજીકની પસાર થતો ઈલેક્ટ્રિક વાયર તૂટીને તેમની વાડીના શેઢે પડ્યો હતો.

જેથી આગ લાગતાં જુવારના ઘાસ તથા વાડીમાં ઉભેલા આંબાઓ દાઝી ગયા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર બી મારુ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવમાં ત્રણ પુરુષનાં મોત

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના ત્રણ બનાવમાં ત્રણ પુરુષનાં મોત થયા હતા. પ્રથમ બનાવમાં વડિયાના મેઘા પીપળીયા ગામના વિનુભાઈ જીવરાજભાઈ સોલંકી (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર કમલેશભાઈ વિનુભાઈ સોલંકી (ઉ.વ.૨૭)ની પત્ની છેલ્લા ૯ મહિનાથી પીયરમાં રીસામણે હતી. તેડવા જવા છતાં આવતી ન હોવાથી મનમાં લાગી આવતાં ગળાફાંસો ખાઈ લીધો હતો. બીજા બનાવમાં સાવરકુંડલાના લીખાળા ગામે રહેતા હસમુખભાઈ માવજીભાઈ સુહાગીયા (ઉ.વ.૫૬)એ જાહેર કર્યા મુજબ, હીંમતભાઈ માવજીભાઈ સુહાગીયા (ઉ.વ.૫૮)એ અગમ્ય કારણોસર વાડીએ કુંડી પાસે મીઠા લીમડાના ઝાડ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામ્યા હતા. ત્રીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા જેન્તીભાઈ ભગવાનભાઈ સોલંકી (ઉ.વ.૬૧)એ જાહેર કર્યા મુજબ, તેના પુત્ર પ્રકાશભાઈ જયંતિભાઈ સોલંકી (ઉ.વ.૩૫)ની પત્ની અન્ય કોઈ સાથે ફોનમાં વાત કરતા હતા. જે બાબતે પૂછતાં પત્નીએ કોઈની સાથે વાત કરતી નથી તેમ કહેતા મનમાં લાગી આવતાં ઝેરી દવા પી જતાં મોત થયું હતું.

# ચરખડિયામાં ઘોડા પરથી પડી જવાથી મોત

અમરેલી, તા.૨૪

સાવરકુંડલાના ચરખડિયા ગામનો પુરુષ સુળીયા ટીંબે વેલ્ડિંગનું કામ કરતો હતો. આ સમયે ઘોડો નમી જતાં પડી જવાથી ઈજા થતાં મોત થયું હતું. બનાવ અંગે દિવ્યાંગભાઈ શાંતિભાઈ માજુસા (ઉ.વ.૩૬)એ મહેશ શાંતિભાઈ માજુસા પતરાના શેડ બનાવવાનું કામ કરતા હતા. ઘોડા પર ચડીને વેલ્ડીંગ કરતા હતા ત્યારે ઘોડો નમી જતાં નીચે પડતા માથાના પાછળના ભાગે ઈજા થતાં મોત થયું હતું.

# ધારીની પરિણીતાને ભાવનગરમાં પતિએ ઢીકાપાટુ માર્યા

ધારી, તા.૨૪

ધારીમાં રહેતા પારૂલબેન સંજયભાઈ વાળાએ પતિ સંજયભાઈ નાથાભાઈ વાળા, મણીબેન નાથાભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, પતિ અને સાસુએ તેમને ભાવનગર મુકામે ઢીકાપાટુનો માર માર્યો હતો. તેમજ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઉપરાંત અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ ગુજાર્યો હતો.

# અમરેલી ખાતે ઉચ્ચ અભ્યાસ કરતા સર્વજ્ઞાતિના યુવક-યુવતીઓ માટે ૧૮મો વેવિશાળ પરિચય સમારંભ યોજાશે

**સુમન સેવા ટ્રસ્ટ દ્વારા આયોજન: નવા ફોર્મ મેળવવા ટ્રસ્ટના હોદ્દેદારોનો સંપર્ક કરવા વિનંતી**

અમરેલી,તા.૨૪

સુમન સેવા ટ્રસ્ટ-અમરેલી અને કોળીશક્તિ યુવક મંડળ દ્વારા આગામી ૨૬ જુલાઈ ૨૦૨૬ ના રોજ અમરેલી ખાતે ૧૮મો સર્વજ્ઞાતિ ઉચ્ચ શૈક્ષણિક વેવિશાળ પરિચય મેળો યોજાશે.

આ સમારંભમાં સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રના ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. અગાઉ ફોર્મ ભરેલા ઉમેદવારો માટે પ્રવેશ વિનામૂલ્યે રહેશે, જ્યારે નવા ઉમેદવારો ઓનલાઈન અથવા રૂબરૂ ફોર્મ મેળવીને નોંધણી કરાવી શકશે. વધુ વિગત અને નવા ફોર્મ માટે ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ એસ. ગોહીલ (શ્રીરામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ, અમરેલી, મો. ૯૩૭૪૭ ૩૪૮૨૦) તેમજ અન્ય હોદ્દેદારો રતનબેન બલદાણીયા (મો. ૯૨૬૫૦ ૪૫૨૦૦) અને પરશોતમભાઈ મકવાણા (મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭) નો સંપર્ક કરવાનો રહેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ, અગિયારસ
તા.૨૫-૦૫-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૫૯,
સૂર્યાસ્ત-૦૭:૧૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૨૫-૦૫-૨૦૨૬ સોમવાર

મેષ:વેપાર અને વ્યવસાય આજે સામાન્ય કરતાં વધુ સારી રીતે આગળ વધશે, લાંબા સમય પછી જૂના પરિચિતો સાથે મુલાકાત કરશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઈ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે.

મિથુન: ધંધા અને ધંધામાં અપેક્ષિત સફળતાથી તમે સંતુષ્ટ થશો પરંતુ બેસો નહીં અને લાભ મેળવવાની આશા રાખો. ક્રોધ પર નિયંત્રણ રાખો.

કર્ક: આજે કાર્યમાં નિષ્ફળતાના કારણે મન નિરાશાથી ભરેલું રહેશે, જેના કારણે આજે તમારામાં ક્રોધની માત્રા પણ વધુ રહેશે.

સિંહ: આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

કન્યા: તમે દિવસભર રમૂજ અને મનોરંજનના મૂડમાં રહેશો અને તમારા જુસ્સાને પરિપૂર્ણ કરવા માટે જરૂરી કાર્યોને પણ અવગણી શકો છો.

તુલા: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે.

વૃશ્ચિક: પૈસામાં વધારો થશે, પરંતુ વધારે ખર્ચને કારણે આર્થિક સ્થિતિ નબળી પડી શકે છે.

ધન: કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે.

મકર: આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઈ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો.

કુંભ: આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો.

મીન: અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફોની તકો નીકળી શકે છે, પરંતુ આજે તમે તમારા સંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઉદાસ નહીં રહો.

# સાવરકુંડલામાં શ્રી યમુના છઠ્ઠ ઉત્સવની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલાની મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ ખાતે અધિક જેઠ સુદ છઠ્ઠના અવસરે ગોપી મંડળ દ્વારા 'શ્રી યમુના છઠ્ઠ ઉત્સવ'ની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સવારે યમુનાજીના ચુંદડી મનોરથ અને લોટીજીના સામૈયાની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે વૈષ્ણવો માટે શરબત, મહાપ્રસાદ તેમજ સાંજે અલ્પાહાર અને આઈસ્ક્રીમની સુંદર વ્યવસ્થા કરાઈ હતી. બહેનોએ યમુનાષ્ટકના પાઠ, રાસ અને ગરબાની રમઝટ બોલાવી વાતાવરણ કૃષ્ણમય બનાવ્યું હતું. સાંજે યમુનાજીની આરતી તથા પ્રભુના બંગલા દર્શનનો મનોરથ યોજાયો હતો. બેઠકજી કમિટીના સહયોગથી આ મહોત્સવને સફળ બનાવવા ગોપી મંડળની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં સંચાલિકા શિલ્પાબેન ચંદારાણાએ તમામ વૈષ્ણવોનો આભાર વ્યક્ત કર્યો હતો.



# અમરેલી-ધારીરોડ પર વાડીએથી ૩૦ ફૂટ કોપર વાયરની ચોરી

**સબમર્સિબલ મોટરની સાથેનો દારની બહાર રાખેલા ૩૦ ફૂટ કોપર વાયરની ચોરી**

અમરેલી, તા.૨૪

અમરેલીમાં ધારી રોડ પર આવેલી એક વાડીએથી ૩૦ ફૂટ કોપર વાયરની ચોરી થઈ હતી. બનાવ સંદર્ભે પ્રકાશભાઈ જશવંતભાઈ લહેરી (ઉ.વ.૪૭)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની ધારી રોડ પર શિવમ સીએનજી પેટ્રોલપંપથી આગળ આવેલી વાડીએ દારમાં મુકેલી સબમર્સિબલ મોટરની સાથેનો દારની બહાર રાખેલા આશરે ૩૦ ફૂટ કોપર વાયરની ચોરી થઈ હતી.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ બાબુભાઈ મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાએ સાજીસવાઈ મંદિરે દર્શન કર્યા

અમરેલી,તા.૨૪

અમરેલી નગરપાલિકાના નવનિયુક્ત પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાએ શહેરના પવિત્ર સાજીસવાઈ મંદિરે ભગવાન શ્રી હરિ નિષ્કલંકી નારાયણના દર્શન કરી દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પાવન પ્રસંગે તેમણે ધર્મગુરુ પ.પૂ. કાકા સાહેબ શ્રી તેમજ મુખીશ્રીઓ સાથે મુલાકાત કરી આશીર્વચન પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે અમરેલી નગરપાલિકાના સાથી નગરસેવક જયંતીભાઈ ધાનાણી સંદીપ ભાઈ ધાનાણી પણ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમમાં જોડાઈ શુભેચ્છાઓ પાઠવી હતી. વૈશાલીબેનના આગમનથી હરિભક્તોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.



# ધારીના કુબડા ગામે લવમેરેજ અને છૂટાછેડાના મનદુખમાં યુવકને ધમકી આપી

ધારી, તા.૨૪

ધારીના કુબડા ગામે લવમેરેજ અને છૂટાછેડાના મનદુખમાં યુવકને ગાળો આપી હતી. તેમજ છરી બતાવીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે નરેશભાઈ સવજીભાઈ પરમાર (ઉ.વ.૨૮)એ જતીનભાઈ રમેશભાઈ પરમાર તથા હિંમતભાઈ રાજાભાઈ વણઝારા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના પાડોશીની ભાણકી સાથે લવમેરે કર્યા હતા અને છૂટુ થયું હતું. જે બાબતનું મનદુખ રાખી તેમને જેમ ફાવે તેમ ગાળો આપીને મોઢા પર મુંઢ માર માર્યો હતો. ઉપરાંત છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ જતીનભાઈ રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૪)એ નરેશભાઈ સવજીભાઈ પરમાર, વિવેકભાઈ શામજીભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેના ઘર આગળ રોડ ઉપર ઉભા હતા. તેમણે પાડોશીની ભાણકી સાથે લવમેરેજ કર્યા હતા અને છુટુ થયું હતું. જે બાબતનું મન દુઃખ રાખી તેમને જેમ ફાવે તેમ ખરાબ ગાળો આપી હતી. તેમજ ગાલ ઉપર ત્રણ લાફા મારી ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## તંત્રી લેખ

# વિકાસની ક્ષિતિજો અને વર્તમાન પડકારો

આજે આપણો દેશ એક એવા વળાંક પર ઊભો છે જ્યાં એકતરફ ટેક્નોલોજી, રોજગાર અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ભારત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે, તો બીજી તરફ આર્થિક મોરચે મોંઘવારી અને ભૌગોલિક પડકારો સામાન્ય નાગરિકના જીવનની કસોટી કરી રહ્યા છે. તાજેતરના પ્રવાહો પર નજર નાખીએ તો સ્પષ્ટ થાય છે કે ભવિષ્યના સુવર્ણ ભારતનું નિર્માણ આંતરિક પડકારોના સચોટ નિવારણ પર જ નિર્ભર છે.

આર્થિક મોરચો અને મોંઘવારીનો ડામ સૌથી મોટી સમસ્યા છે અત્યારે દેશ સામે સૌથી મોટો સળગતો પ્રશ્ન ઈંધણના ભાવવધારાનો છે. પેટ્રોલ, ડીઝલ અને સીએનજી (CNG) ના ભાવમાં સતત થઈ રહેલો વધારો સામાન્ય અને મધ્યમ વર્ગની કમર તોડી રહ્યો છે. ઈંધણના ભાવ માત્ર વાહનચાલકો પૂરતા મર્યાદિત નથી રહેતા, પરંતુ તેની સીધી અસર માલસામાનના પરિવહન ખર્ચ પર પડે છે. પરિણામે, શાકભાજીથી લઈને જીવનજરૂરી તમામ ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી છે. સરકાર જ્યારે ડિજિટલ ઈન્ડિયા અને આર્થિક વિકાસના દાવા કરે છે, ત્યારે ગ્રાઉન્ડ રિયાલિટી એ છે કે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિ ગમે તે હોય, પણ સ્થાનિક સ્તરે ટેક્સનું માળખું હળવું કરીને જનતાને રાહત આપવી એ સમયની માંગ છે.

રોજગાર અને યુવા શક્તિનું સશક્તિકરણ મહત્વની વસ્તુ છે.તો બીજી તરફ, સકારાત્મક ચિત્ર પણ જોવા મળી રહ્યું છે. વડાપ્રધાન દ્વારા 'રોજગાર મેળા' ના માધ્યમથી હજારો યુવાનોને સરકારી નોકરીના નિયુક્તિ પત્રો એનાયત કરવામાં આવી રહ્યા છે. આ પગલું ચોક્કસપણે આવકારદાયક છે, કારણ કે દેશની યુવા વસ્તી એ આપણી સૌથી મોટી સંપત્તિ (Demographic Dividend) છે. જો યુવાધનને સાચી દિશા અને સમયસર રોજગાર નહીં મળે, તો આ શક્તિ દેશ માટે આક્રોશમાં બદલાઈ શકે છે. સરકારી નોકરીઓ ઉપરાંત સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ અને ખાનગી ક્ષેત્રમાં પણ રોકાણ વધારવું અનિવાર્ય બન્યું છે. માત્ર આંકડાકીય રોજગાર નહીં, પણ ટકાઉ અને ગુણવત્તાસભર રોજગાર જ દેશના આર્થિક પાયાને મજબૂત કરી શકશે. વૈશ્વિક મંચ પર ભારતનો વધતો પ્રભાવ સારી નિશાની છે.

એક રાષ્ટ્ર તરીકે ભારત અત્યારે મોટી આશાઓ અને આકાંક્ષાઓથી ભરેલું છે. આપણી પાસે સ્પેસ ટેક્નોલોજીથી લઈને ડિજિટલ પેમેન્ટ સુધીના ક્ષેત્રે વૈશ્વિક લીડર બનવાની ક્ષમતા છે. પરંતુ આ વિકાસ સર્વસમાવેશી હોવો જોઈએ. મોંઘવારીનો માર સહન કરી રહેલા ગરીબ અને મધ્યમ વર્ગને આર્થિક સુરક્ષા આપવી, યુવાનો માટે સાચા અર્થમાં તકો ઊભી કરવી અને દેશના પાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવું, એ શાસકોની પ્રાથમિકતા હોવી જોઈએ. રાજકીય ક્ષેત્રે ગમે તે સમીકરણો બદલાય, પણ જનહિત જ સર્વોપરી રહેવું જોઈએ. પડકારો અનેક છે, પણ જો યોગ્ય નીતિ અને સાચી દાનત સાથે આગળ વધવામાં આવે, તો ભારતને વૈશ્વિક મહાસત્તા બનતા કોઈ રોકી શકશે નહીં.

# ભારતમાં ભાગલા પહેલાની માનસિકતા હજુ પણ અસ્તિત્વમાં છે, આવી સ્થિતિમાં તમે એકતાના ગીતો ગમે તેટલા ગાઓ તેની કોઈ અસર થશે નહી. - (પુષ્પ : ૨૪)



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચતુર્થ સરસંઘચાલક શ્રી રજજુભૈયાએ ઈ.સ. ૧૯૯૭ના વિજયાદશમીના ઉત્સવમાં સ્વયંસેવકોને માર્ગદર્શન આપતા કહ્યું હતું કે, "વનમાં વસવાટ કરતા વનવાસી રામે વનવાસીઓની મદદથી મહાન પરાક્રમી યોધ્ધાઓને તેમની જ લંકામાં પરાજિત કર્યા. રાવણે ઘણી અસાધારણ શક્તિઓ પ્રાપ્ત કરી હતી. તેની લંકા સોનાની બનેલી હતી. યુધ્ધ કેટલું અસમાન હતું. તુલસીદાસજીએ એક શ્લોકમાં તેનું વર્ણન કર્યું છે - રાવણ રથી, વિરથ રઘુવીરા" - દર વર્ષે વિજયાદશમી આપણને યાદ અપાવે છે કે, જો કોઈ માણસ સાધનની ચિંતા કર્યા વિના ઉચ્ચ સિધ્ધાંતો માટે સંઘર્ષ કરે છે તો તે વિજય પ્રપ્ત કરે છે.

કદાચ આ સદીમાં શ્રીરામનું અનુકરણ કરનાર અને રાષ્ટ્રસેવા માટે પોતાની ઊર્જા સમર્પિત કરનાર વ્યક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ સંઘના સ્થાપક ડૉ. હેડગેવારજી છે. નાગપુરના લોકોને તે યાદ કરાવવાની જરૂર નથી કે, જ્યારે ડૉક્ટરજીએ કોઈ સંસાધનો ન હોવા છતાં વિજયાદશમીના દિવસે સંઘે કાર્યનો પાયો નાખ્યો ત્યારે ઘણા લોકોએ તેમની મજાક ઉડાવી હતી. પરંતુ તે મહાન માણસને પોતાની કાર્યપધ્ધતિમાં અતૂટ વિશ્વાસ હતો. આ કારણે તેઓ હજારો યુવાનોને આ હેતુ માટે બધું જ બલિદાન આપવા પ્રેરણા આપી શક્યા. ગાંધીજીએ સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે સમાજને જાગૃત કર્યો. આ સાથે તેઓ એ પણ ઈચ્છતા હતા કે, સામાજિક જીવનના તમામ પાસાઓમાં સાચા પરિવર્તન અને વિકાસની પ્રક્રિયા શરૂ થાય. એટલા માટે જ તેમણે પોતાના અનુયાયીઓને શિક્ષા આપી. શ્રી વિનોબાજીને 'ગ્રામીણ વિકાસ', શ્રી ઠક્કરબાપાને 'વનવાસી ઉત્થાન', શ્રી કાકા કાલેલકરજીને 'રાષ્ટ્રીય ભાષા વિકાસ' જેવા મૂળભૂત કાર્યમાં સક્રિય થવા પ્રેરણા આપી. તેઓ સમાજને વ્યસનમુક્ત જોવા માંગતા હતા. તેથી તેઓ દારૂ પર પ્રતિબંધ મૂકવા માટે ખૂબ ક્રિયાશીલ હતા. તેઓ ખેતી માટે જરૂરી પશુઓનું રક્ષણ કરવા માંગતા હતા. તેથી તેમણે ગૌહત્યા પર પ્રતિબંધનું સમર્થન કર્યું. તેમની ઈચ્છા હતી કે, ભારતમાં શિક્ષણ તેની માટી સાથે જોડાયેલું હોવું જોઈએ. ભલે તેમનું શિક્ષણ ઈંગ્લેન્ડમાં થયું હતું, પરંતુ તેઓ યુરોપની ભવ્યતા અને અંગ્રેજી માનસિકતાથી પ્રભાવિત નહોતા. તેથી તેઓ ભારતનું શિક્ષણ ભારતીય ભાષાઓમાં જોવા માંગતા હતા. સ્વતંત્રતા પછી ગાંધીજીના અનુયાયીઓએ સત્તા સંભાળી અને છેલ્લા ૫૦ વર્ષથી સત્તામાં છે પરંતુ તેમણે ગાંધીજીને નિરર્થક બનાવી દીધા. તેમની ઉપરોક્ત ઈચ્છાને અમલમાં મૂકવા માટે ક્યાંય પણ કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નહીં. મહાત્માજી સાદગીના મૂર્ત સ્વરૂપ હતા. તેઓ એક ઝૂંપડીમાં રહેતા હતા. જે લોકો પોતાને તેમના અનુયાયીઓ જાહેર કરે છે તેઓ સરકારી રહેઠાણથી પણ સંતુષ્ટ નથી. તેઓ પોતાની સુવિધા માટે જનતાના લાખો રૂપિયા ખર્ચવા માંગે છે. આપણે પહેલાથી જ જાણીએ છીએ કે અન્ય રાજકીય નેતાઓએ પણ સાદગીના કયા આદર્શો સ્થાપિત કર્યા છે. તેઓ સારવાર માટે વિદેશ જાય છે અને વિદેશ પ્રવાસ કરતી વખતે તેમના બાળકોને પણ સાથે લઈ જાય છે. ૫૦૦ રાજાઓ અને મહારાજાઓ જતા રહ્યા. પરંતુ મંત્રીઓના રૂપમાં હજારો નવા

### વિચારપૂંજ
સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

નિર્માણ થયા.

પ્રાચીન સમયમાં દાનનું ખૂબ મહત્વ હતું. જે લોકો ધનવાન હતા તેઓ પોતાના વપરાશ માટે વધારે ખર્ચ કરતા નહોતા. આ નાણાનો ઉપયોગ શાળાઓ અને હોસ્પિટલો ચલાવવા, રસ્તાઓ પર વૃક્ષો વાવવા, કુવા ખોદવા, પીવાના પાણીની પરબો બંધાવવામાં, ધર્મશાળાઓ બનાવવા જેવી સામાજિક સેવા પ્રવૃત્તિઓ માટે કરવામાં આવતો હતો. આજે પણ ધનિક વર્ગ દ્વારા દાનમાં મળેલા પૈસામાંથી સમાજમાં વિવિધ વ્યવસ્થાઓ ઉત્પન્ન કરવાના પ્રયાસો કરી શકાય છે. ભારત ગરીબ દેશ નથી, દરેક ઘરમાં પુત્રવધૂના મંગળસૂત્રમાં સોનું હોય છે. ભલે તે નાનું હોય ફક્ત મૂડીનું સંચાલન યોગ્ય નથી. કેટલીક જગ્યાએ તે "મૃત મૂડી' તરીકે મૂકી રાખેલી હોય છે અને કેટલીક જગ્યાએ મૂડીની અછત છે. તેથી આપણે દાન કરવાની વૃત્તિને પ્રોત્સાહન આપવું પડશે. આનાથી સમાજમાં વ્યવસ્થાઓનું નિર્માણ થઈ શકે છે. જ્યારે ડૉ. સુભાષચંદ્ર બોઝે બેંગકોકમાં હાજર ભારતીયો પાસેથી દેશના સ્વાતંત્ર્ય સંગ્રામ માટે પૈસા માંગ્યા ત્યારે બધી મહિલાઓએ પોતાના ઘરેણા પણ આપી દીધા. આજે જો સુભાષ જેવા વિશ્વનીય રાષ્ટ્રીય નેતા દેશની આર્થિક આત્મનિર્ભરતા માટે અપીલ કરે તો હજારો ટન સોનું ઘરોમાંથી બહાર આવી શકે છે. પરંતુ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા લોકો સત્તામાં હોવાથી તો પોતાની કમાયેલી સંપત્તિ તેમને કોણ આપશે ?

રાષ્ટ્રીય સમાજના સ્વરને જાગૃત કરવા માટે વિશ્વ હિન્દુ પરિષદે રામ જન્મભૂમિ આંદોલન શરૂ કર્યું. લગભગ ૧૦૦૦ વર્ષની ગુલામીને કારણે બનેલી આપણી ગુલામ માનસિકતાને હલાવવા માટે આટલું મોટું આંદોલન જરૂરી હતું જેમ જેમ આપણે આ ચળવળમાં વિજયી થઈશું તેમ તેમ આપણે માનસિક ગુલામી છોડી દઈશું અને જાગૃત રાષ્ટ્રીય રક્ષકો તરીકે મેદાનમાં અડગ રહીશું. શ્રી કલ્યાણ સિંહે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા પછી રામ જન્મભૂમિ પર મંદિર બનાવવાની તેમની પ્રતિબધ્ધતાએ ઘણા લોકોની આંખો પહોળી થઈ ગઈ. તેમને એવું લાગે છે કે જાણે સાંપ્રદાયિક સોહાર્દ ફરી એક વાર ખટાશમાં આવી ગયો હોય. વાસ્તવિક પરિસ્થિતિ બિલકુલ વિપરીત છે. શું રામ જન્મભૂમિ આંદોલન પહેલા દેશમાં સાંપ્રદાયિક સૌહાર્દ હતો? મહારાષ્ટ્રમાં શિવસેના અને ભાજપ ગઠબંધન સરકાર સત્તામાં આવી તે પહેલા દર વર્ષે ગણેશ વિસર્જનના દિવસે કોઈને કોઈ જગ્યાએ શોભાયાત્રા પર પથ્થર મારો થતો હતો અને સશસ્ત્ર હુમલા થતા હતા. અમદાવાદમાં પરંપરાગત રથયાત્રાના દિવસે પણ આ જ ઘટનાનું પુનરાવર્તન થયું. કેરળમાં મુસ્લિમ વસાહતોમાંથી કોઈ પણ હિન્દુ માટે લૂંગી અડધી ઊંચી કરીને પસાર થવું શક્ય નહોતું. મીનાક્ષીપુરમ જેવી ધર્માંતરણની ઘટનાઓ સતત ચાલતી રહી હતી. દરેક પ્રાંતમાંથી આવા ઘણા ઉદાહરણો આપી શકાય છે. આનાથી સાબિત થાય છે કે ભારતમાં ભાગલા પહેલાની માનસિકતા હજુ પણ અસ્તિત્વમાં છે. આવી સ્થિતિમાં તમે એકતાના ગીતો ગમે તેટલા ગાઓ તેની કોઈ અસર થશે નહીં. આ રીતે રજ્જુ ભૈયાએ સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સમાજના સર્વાંગી ઉત્થાન માટે સ્વયંસેવકોને માર્ગદર્શન આપ્યું હતું.

# વ્યવહારુ ઉકેલ : જીવનમાં "આખરી ઉપાય"

જીવનમાં ઘણી વખત એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે માણસને લાગે "હવે કંઈ બાકી નથી પણ હવે તો આ છેલ્લો રસ્તો છે."પરંતુ હકીકતમાં જીવનમાં "આખરી ઉપાય" એટલે અંત નહીં, પરંતુ નવી શરૂઆતનું દ્વાર હોય છે. ઘણી વખત માણસ સમસ્યાને એટલી મોટી બનાવી દે છે કે તેને ઉકેલ દેખાતો નથી. પરંતુ દરેક અંધારી રાત પછી સવાર આવે જ છે. જરૂર છે તો માત્ર ધીરજ, સમજણ અને સાચી દિશાની.

૧. વિદ્યાર્થીનું ઉદાહરણ

એક વિદ્યાર્થી બોર્ડની પરીક્ષામાં નાપાસ થયો.તે ખૂબ નિરાશ થઈ ગયો. તેને લાગ્યું કે હવે જીવન બગડી ગયું. લોકો શું કહેશે? પરિવાર શું વિચારશે ? પરંતુ તેના શિક્ષકે તેને સમજાવ્યું કે "એક પરીક્ષાની હાર આખા જીવનની હાર નથી." વિદ્યાર્થીએ ફરી મહેનત શરૂ કરી. આગલા વર્ષે તે સારા ગુણ સાથે પાસ થયો,તેનો આત્મવિશ્વાસ વધ્યો,આગળ ખૂબ મહેનત કરી અને આજે એક સફળ અધિકારી છે. જો તે એ સમયે હિંમત હારી જાત, તો કદાચ સફળતા સુધી ક્યારેય પહોંચી શક્યો ન હોત.

૨. ખેડૂતનું ઉદાહરણ

એક ખેડૂતે ખૂબ મોટી જમીન વાવવા રાખી, સતત બે વર્ષ સુધી ઓછા વરસાદના કારણે ખેતીમાં નુકસાનમાં ગયુ. દેવુ વધી ગયુ. ઘરમાં ચિંતા વધી ગઈ. ગામના કેટલાક લોકો કહેતા હતા કે હવે ખેતી છોડવી જોઈએ. પરંતુ ખેડૂતે હિંમત રાખી. નવી પધ્ધતિ અપનાવી, પાણી બચાવવાની રીતો શીખી અને મહેનત ચાલુ રાખી. ત્રીજા વર્ષે સારો પાક થયો અને તેની સ્થિતિ સુધરી ગઈ. આ ઘટનાથી સમજાય છે કે "સમય ખરાબ હોઈ શકે, પરંતુ જીવન ક્યારેય ખતમ થતું નથી."

૩. સંબંધોમાં તિરાડનું ઉદાહરણ



### મનન ચિંતન
ભરત બાવીશી

એક યુવાનને પોતાના નજીકના મિત્ર તરફથી દગો મળ્યો. તે અંદરથી તૂટી ગયો. લોકો પરનો વિશ્વાસ ઓછો થઈ ગયો.

પરંતુ ધીમે ધીમે તેને સમજાયું કે દરેક વ્યક્તિ એકસરખી નથી હોતી.તે પોતાના કામમાં વ્યસ્ત રહ્યો, સારા લોકો સાથે જોડાયો, પાર્ટ ટાઈમ કામ કરીને નાની નાની આવક પર ધ્યાન કેન્દ્રિત કર્યુ અને જીવનમાં આગળ વધ્યો. આજે તે કહે છે "દગો થયો એ દુઃખદ હતું, પણ મને માણસોને ઓળખતા શીખવ્યો."ઘણી વખત દુઃખ પણ જીવનમાં માર્ગદર્શક શિક્ષક બની જાય છે.બીજી રીતે કુટુંબ,પરિવાર,સગા સબંધી કે સહ કર્મચારી સાથે કામકાજ અને વહેવારને લઈને નાની મોટી ગેરસમજણ ઉભી થતી હોય ત્યારે માણસને મનમાં એવું લાગ્યા કરે કે હવે સામેની વ્યક્તિ સમજે એમ જ નથી એટલે સબંધો તોડી નાખવા સિવાય કોઈ રસ્તો નથી તેવા સંજોગોમાં પણ ટૂંકું વિચારવાને બદલે લાંબા ગાળાનો વિચાર કરીને ધીરજ, જતું કરવાની ભાવના અને વહેવારું સમજણ થકી સંબંધોને બચાવી શકાય છે કેમકે સમસ્યા ક્ષણિક હોય છે પરંતુ સબંધો કાયમી હોય છે.

૪. વેપારીનું ઉદાહરણ

એક વેપારીના કરોડો રૂપિયાના રોકાણનો ધંધો અચાનક બંધ થઈ ગયો. લાખો રૂપિયાનું નુકસાન થયું. પરિવાર અને સમાજ બંને તરફથી દબાણ વધ્યું. તે માણસ થોડા દિવસ ખૂબ હતાશ રહ્યો, પરંતુ પછી તેણે ફરીથી નાની શરૂઆત કરી. ધીમે ધીમે ફરી ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો અને આજે પહેલા કરતાં વધુ સફળ છે. તે હંમેશા કહે છે "નુકસાન ધંધાનું થયું હતું, હિંમતનું નહીં." જીવનનો સાચો "આખરી ઉપાય": જ્યારે બધાં રસ્તા બંધ લાગે, ત્યારે માણસ પાસે હજી પણ ત્રણ અમૂલ્ય શક્તિઓ રહે છે ;આશા, આત્મવિશ્વાસ અને ધીરજ. આ ત્રણેય શક્તિ માણસને ફરી ઊભો કરી શકે છે. શું કરવું મુશ્કેલ સમયમાં ? ઉતાવળમાં નિર્ણય ન લેવો, પોતાના અંગત માણસો સાથે વાત કરવી, સકારાત્મક વિચાર રાખવો, ભગવાન પર ભરોસો રાખવો અને નિષ્ફળતામાંથી શીખવાનો પ્રયત્ન કરવો.

જીવનમાં કોઈપણ પરિસ્થિતિ "આખરી" નથી હોતી. સમય, સંજોગ અને માણસની હાલાત ત્રણેય બદલાતા રહે છે. આથી મુશ્કેલીઓ આવે ત્યારે મનથી તૂટી જવાનું નહીં, પરંતુ શીખીને ફરી ઊભા થવાનું. કારણ કેપ "વાવાઝોડું વૃક્ષને હલાવી શકે, પરંતુ મજબૂત મૂળને ઉખાડી શકતું નથી."

**"હારી જવું અંત નથી, ફરી પ્રયત્ન ન કરવો એ સાચી હાર છે."**
**"જીવનમાં રસ્તા બંધ થાય ત્યારે,**
**ઘણી વખત ભગવાન નવો દરવાજો ખોલતા હોય છે."**

# ખેડૂતનો પરસેવો, સફળતા અને ખેતીથી દૂર થતા યુવાનો : આજના સમયની સૌથી મોટી ચિંતા

ભારતને કૃષિપ્રધાન દેશ કહેવામાં આવે છે. આપણા દેશની અર્થવ્યવસ્થા અને લોકોનું જીવન આજે પણ મોટા પ્રમાણમાં ખેતી ઉપર આધારિત છે. ખેડૂત માત્ર અનાજ ઉગાડતો માણસ નથી, પરંતુ આખા દેશનું પેટ ભરનાર અન્નદાતા છે.જગતનો તાત છે. ખેડૂત પોતાના પરસેવા અને અવિરત મહેનતથી ધરતીને સોનેરી બનાવે છે. પરંતુ દુઃખની વાત એ છે કે આજે અનેક ખેડૂતોના દીકરાઓ ખેતી છોડીને શહેરો તરફ જઈ રહ્યા છે. આ માત્ર એક પરિવારનો પ્રશ્ન નથી, પરંતુ ગામડાં અને દેશના ભવિષ્ય માટે ચિંતાજનક સ્થિતિ છે.

ખેડૂતનું જીવન સંઘર્ષ અને મહેનતથી ભરેલું હોય છે. એક ખેડૂત જ્યારે જમીનમાં બીજની વાવણી કરે છે ત્યારે તેની સાથે આશા અને અપેક્ષા પણ વાવે છે. દીકરા દીકરીને ભણાવીશું, સારી સાયકલ કે મોટરસાયકલ લઈશું. દિવાળીએ મકાનને કલર કરાવીશું રીપેરીંગ કરીશું, વાડીએ સારી એક ઓરડી બનાવીશું સાહેબ મારા દેશનો ખેડૂત આવા સપનાઓ લઈને વાવેતર કરતો હોય છે.ત્યારથી લઈને પાક તૈયાર થાય ત્યાં સુધી ખેડૂત સતત ચિંતા અને મહેનત કરે છે. કડકડતી ઠંડી, ધગધગતો તડકો કે ભારે વરસાદ કોઈ પણ પરિસ્થિતિમાં ખેડૂત પાછળ નથી હટતો. દેશની જનતા રાત્રે સુતી હોય ત્યારે સરહદનો ચોકીદાર એટલે જવાન અને ખેડૂત જાગતા હોય છે.ઘણી વખત રાત્રે ઊંઘ છોડીને પણ પાકની સુરક્ષા કરવી પડે છે. વરસાદ આવશે કે નહીં? રોગ અને જીવાત આવશે તો કંઈ દવાઓ છાંટવી પીઠ ઉપર દવાના પંપ લઈને પીડા ખેડૂતોને ખેત મજૂરો સહન કરે છે. એ પીડા તેને યાદ આવી જાય છે? પાકનો યોગ્ય ભાવ મળશે કે નહીં? જેવી હજારો ચિંતાઓ વચ્ચે ખેડૂત જીવતો હોય છે. ખેતીમાં નિયમિત આવક નથી કારણ કે ખેડાણથી લઈને પાક બજારમાં આવે ત્યાં સુધી ખાતર દવા બિયારણ અને મજૂરી ના પૈસાનું રોકાણ થાય છે અને અંતે કેટલો ભાવ મળશે એની ચિંતા સતત હોય છે તેમ છતાં પણ સમસ્યાઓ સામે જ ઝઝુમીને આજના સમયમાં અનેક ખેડૂતો આધુનિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. ડ્રિપ સિંચાઈ, ગ્રીનહાઉસ, ઓર્ગેનિક ખેતી, મિલેટ ઉત્પાદન, ડેરી, બાગાયતી ખેતી અને ઔષધીય પાકો દ્વારા ઘણા ખેડૂતો સફળતા મેળવી રહ્યા છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક ખેડૂતો આજે નવી ટેકનોલોજી અને નવી વિચારસરણી દ્વારા લાખો રૂપિયાની આવક કરી રહ્યા છે. ખેતી હવે માત્ર પરંપરાગત વ્યવસાય નહીં, પરંતુ ઉદ્યોગ અને બિઝનેસનું રૂપ લઈ રહી છે.



સરકાર દ્વારા પણ ખેતી અને ખેડૂતો માટે અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દ્વારા ખેડૂતોને સીધી આર્થિક સહાય આપવામાં આવે છે. ડ્રિપ અને સ્પ્રિંકલર સિંચાઈ ઉપર સબસિડી આપવામાં આવે છે. પાક વીમા યોજના, સોલાર પંપ સહાય, ખેડૂત ક્રેડિટ કાર્ડ, કુદરતી ખેતી અને ઓર્ગેનિક ખેતી માટે પ્રોત્સાહન , કુદરતી આફતો સામે સહાય, વાવેતર પહેલા ટેકાના ભાવે ખરીદીના ભાવ જાહેર કરવાજેવી અનેક યોજનાઓ ખેડૂતોને મજબૂત બનાવવાના પ્રયત્નરૂપે છે. ઉપરાંત મિલેટ અને ઔષધીય ખેતીને પણ સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

પરંતુ આ બધાની વચ્ચે એક મોટો પ્રશ્ન ઉભો થયો છે ખેડૂતનો દીકરો ખેતીથી દૂર કેમ થઈ રહ્યો છે?

તેનું સૌથી મોટું કારણ છે ખેતીમાં અનિશ્ચિતતા. વર્ષભરની મહેનત છતાં ક્યારેય ખેડૂતોને યોગ્ય ભાવ મળતા નથી. કુદરતી આફતો અને વધતા ખર્ચને કારણે ખેડૂતની આવક ઘણી વખત અસ્થિર રહે છે. જમીનોના સતત થતા ટુકડાઓ આ બધું



### ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

સામે દેખાય રહ્યું છે.યુવાનો પોતાના માતા-પિતાનો સંઘર્ષ જોઈને ખેતીમાં સુરક્ષિત ભવિષ્ય નથી જોતા.

આ સાથે સામાજિક પરિસ્થિતિ પણ મોટી જવાબદાર છે. આજે શહેરમાં નોકરી કરનાર યુવકને વધારે પ્રતિષ્ઠા મળે છે, જ્યારે ખેતી કરતો યુવક ઘણી વખત પાછળ પડેલો ગણાય છે. અનેક ગામડાંમાં યુવકોને માત્ર ખેતી કરતા હોવાથી સગાઈ અને લગ્નમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સગાઈ વખતે દીકરીના બાપને ગામડે મકાન જોઈએ છીએ ગામડે જમીન જોઈએ છીએ પણ સાથે એવું પણ કહે છે મારી દીકરી ગામડે નહીં રહે મારી દીકરી ખેતરે ક્યારેય નહીં જાય"ગામડે રહેવું નથી" જેવી માનસિકતા પણ ગામડાંના યુવાનોને ખેતીથી દૂર કરી રહી છે.

મોબાઈલ અને સોશિયલ મીડિયાના યુગમાં શહેરોની ચમક યુવાનોને વધારે આકર્ષે છે. મોટી ઓફિસો, વૈભવી જીવન અને શહેરોની ચમક જોઈને ગામડાંનો યુવાન ખેતી કરતાં શહેરનું જીવન વધારે સારું માને છે. પરંતુ શહેરોની આ ચમક પાછળ પણ અનેક સંઘર્ષ છુપાયેલા છે, જ્યારે ગામડાંમાં સંબંધો, સંસ્કૃતિ અને કુદરતનો સ્નેહ આજે પણ જીવંત છે.

જો ખેડૂતનો દીકરો ખેતી છોડશે તો આવતીકાલે દેશને અન્ન કોણ આપશે? શુધ્ધ દૂધ અને ઘી છાશ માખણ કોણ આપશે?? આજે ગામડાઓમાં પશુપાલન નહિવત હોવા છતાં દૂધ અને દૂધની બનાવટો માગો એટલી મળે છે આ ક્યાંથી આવે છે ક્યાં બને છે એ પ્રશ્ન ખાનાર વર્ગ ઉપર છોડુ છુ. મને હંમેશા આશ્ચર્ય એ વાતનું થાય છે કે ખેડૂતોના નામ ઉપર કે માલધારી પશુપાલકોના નામ ઉપર રાજકારણ કરનારા લોકો મોટી મોટી ગાડીઓમાં ફરે છે મોટા મોટા બંગલાઓમાં રહે છે. સંપત્તિઓની કોઈ કમી નથી તો આ બધું આવે છે ક્યાંથી.. મારા દેશના ખેડૂતો અને પશુપાલકોના જીવનમાં આવી રોશની ક્યારેય આવશે ખરી??આ પ્રશ્ન હવે સમગ્ર સમાજે વિચારવાનો સમય આવી ગયો છે. ખેતીને આધુનિક બનાવવી પડશે, ગામડાંમાં કૃષિ આધારિત ઉદ્યોગો ઊભા કરવા પડશે અને યુવાનોને ખેતીમાં ગૌરવ અને ભવિષ્ય બંને દેખાડવું પડશે.

સમાજે પણ પોતાની માનસિકતા બદલવી પડશે. ખેડૂતનો દીકરો માત્ર ખેડૂતનો ૭- ૧૨અને ૮ અ નો વારસદાર નથી, પરંતુ દેશના ભવિષ્યનો સંરક્ષક છે. તેના હાથમાં માત્ર માટી , કોદાળી કે પાવડો નથી, પરંતુ આખા દેશનું જીવન છે.

કારણ કે

"ગામડાં બચશે તો જ ખેતી બચશે,

અને ખેતી બચશે તો જ ભારત મજબૂત બનશે."

### :: તિખારો ::

**પદ, પ્રતિષ્ઠા, પૈસા હોવા એ ખોટું નથી, પરંતુ તેના માટે માણસાઈ વેચી દેવી સૌથી મોટી ગરીબી છે. લાલચુ અને સ્વાર્થી માણસ સંબંધો નહી, માત્ર પોતાનો ફાયદો જ જુએ છે. જે પોતાનો આત્મ સન્માન વેચીને સફળતા મેળવી શકે એવા વ્યક્તિઓથી દૂર રહેવું સારું**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કર્યો

## ખરીફ સીઝન પહેલા મગફળી અને ડાંગર માટે આટલું કરો



કપાસ : **ખાતર** : પાયામાં ૫૫ કિલો ડીએપી આપવું બાકીનું ૫૫ કિલો પાળા ચડાવતી વખતે આપવું

● ૧૨૫ કિલો પોટાસ તેમાંથી અડધો હપ્તો પાયામાં બાકીનો પાળા ચડાવતી વખતે આપવું

● ઝીંકસલ્ફેટ પાયામાં ૨૫ કિલો આપવું.

● મેગ્નેશિયમ સલ્ફેટ હેકટરે ૨૫ કિલો આપવું.

ડાંગર :

● ડાંગર માટે 'શ્રી' પધ્ધતિ અપનાવો.

● મોડી પાકની જાતો : મસુરી,જીઆર.૧૦૧,૧૦૨,૧૦૩, ૧૦૪,નર્મદા

● મોડી મધ્યમ પાકની જાત : જી.આર-૧૧,૧૩, જયાં ગુર્જરી,આઈ.આર.-૨૨,જી.આર-૧૫

● ફેર રોપણ માટે : જી.આર૪,૬,૭,૮,૧૧,૧૨,૧૩,૧૦૧ ,૧૦૨,૧૦૩,૧૯૪,ગુર્જરી,એસએલઆર – ૫૧૨૧૪, દાંડી.

● ઓરાણમાટેઃ સાંઠી-૩૪,૩૬, જીઆર- ૩,૫,૮,૯, અંબિકા, રત્ના,આઈ.આર=૨૮ ,જી.આર-૧૬ (તાપી)

● વહેલી પાકતી જાત ઓરણ માટે :જી.આર.-૫,૮,૯,આઈ. આર-૨૮,જી.આર-૧૭ ( સરદાર), એન.વી.એસ.આર.-૩૯૬

● ક્ષારીય જમીનની જાત : દાંડી,જી.એન.આર-૨,૩,૪

● ખાતરઃ૧૨૦-૩૦-૦૦ નાં.ફો.પો.

● રોપણી વખતે પાયામાં ઝિંક સલ્ફેટ આપવું હિતાવહ છે.

● બિયારણ ૫ ગ્રામ બાવિસ્ટીન પાવડર મિલાવેલ બિયારણ ને ભીના કંતાન માં બાંધીને ૨૪ કલાક માટે છાયાવાળી જગ્યા અથવા ઘરમાં અંકુરણ માટે મૂકી દેવું.અથવા

● સૂકી બીજ માવજત : ૧ કિલો બીજ દીઠ ૩ ગ્રામ કાર્બેન્ડાઝીમ-૨૫ એસ.ડી. અથવા થાયરમ દવાનો બીજને પટ આપવો.

● ભીની બીજ માવજત : ૨૫ કિલો બીજને ૨૪ લીટર પાણીમાં ૬ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયકલીન દવા ના દ્રાવણમાં ૧૦ કલાક બોળી કોરા કરી વાવવા.

● ૭ થી ૧૪ દિવસની ઉંમરનાં ધરૂમાં બે પાંદડા આવે ત્યારે રોપણી કરી શકાય છે.

બાગાયતી પાકોમાં ધનીષ્ટ પધ્ધતિ અપનાવો : ● આ પધ્ધતિમાં વાવેતરનાં અંતરો ઘટાડતાથી નોંધ પાત્ર વધારે ઉત્પાદનો મળ્યા છે. ઉપરાંત જમીન, પાણી, સૂર્યપ્રકાશ, વિગેરેનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. આર્થિક રીતે ફાયદો થાય છે.

મગફળી :

● પ્રથમ જંતુનાશક દવાનો પટ આપ્યા પછી ફૂગનાશક દવાનો પટ આપવો.

● ગળતિયા ખાતર માં મિક્સ કરી વાવણી સમયે ચાસમાં આપવું.

● મગફળી એ સુકી ખેતી અને અનિયમિત વરસાદવાળા વિસ્તારમાં મગફળી સાથે કપાસ, એરંડા, તુવેર, તલ, સૂર્યમુખી જેવા પાકો આંતરપાક તરીકે લેવાથી ઉત્પાદન જોખમ ઘટાડી શકાય છે એટલે આંતર કે રીલે પાક પધ્ધતિ અપનાવવી.

● ધૈણ અથવા સફેદ મુંડા (વ્હાઈટગ્રબ) માટે જમીન માવજત કરી ન હોય તો અને ઉધઈ પણ આવતી હોય તો ક્વિનાલફોસ ૨૫ ટકા ઈસી અથવા કલોરપાયરીફોસ ૨૦ ટકા ઈસી માહે કોઈ પણ એક દવા પસંદ કરી ૧ કિલોગ્રામ દીઠ ૨૫ મિ.લી. દવા બીજને વાવતા પહેલા ૩-૪ કલાક અગાઉ પટ આપી પછી છાંયડામાં સુકવી વાવેતર કરવું.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

● હેક્ટર દીઠ રાસાયણિક ખાતર ૧૨.૫ - ૨૫ - ૫૦ કિલો એન.પી.કે. આપવું.

● થડનો સડો/સુકારો હોય તો વાવણી વખતે ચાસમાં હેકટરે ૫૦૦ કિ.ગ્રા. દિવેલાનો ખોળ સાથે ૨.૫ કિ.ગ્રા. ટ્રાઈકોડર્માનું કલ્ચર ભેળવીને આપવું.

● બિયારણ સારી જનીનિક ગુણવત્તા ધરાવતું, સારી સ્કુરણ શકિતવાળુ અને અન્ય જાતોની ભેળસેળ વગરનું ખાત્રીલાયક હોવું જરૂરી છે. બને ત્યાં સુધી પ્રમાણિત બીજનો ઉપયોગ કરવો.

● મગફળીનું સેન્દ્રિય ઉત્પાદન કરતા ખેડૂતોને વધુ ઉપજ અને ચોખ્ખું વળતર મેળવવા તેમજ જમીનના સ્વાસ્થ્યમાં સુધારો કરવા માટે, રાયઝોબિયમ (૨ લિટર), પીએસબી (૨ લિટર), કેએસબી (૨ લિટર), ટ્રાઈકોડર્મા હર્ઝિયાનમ (૩ કિલો), સ્યુડોમોનાસ ફ્લોરોસેન્સ (૩ લિટર) અને બ્યુવેરિયા બેસિયાના (૩ કિલો) થી સમૃધ્ધ વર્મીકમ્પોસ્ટ ૫ ટન/હેક્ટર ખાતર સાથે વાપરવાની ભલામણ કરવામાં આવે છે. વર્મીકમ્પોસ્ટના સંવર્ધન માટે, રાઈઝોબિયમ (૨ લિટર), પીએસબી (૨ લિટર), કેએસબી (૨ લિટર), ટ્રાઈકોડર્મા હર્ઝિયાનમ (૩ કિલો), સ્યુડોમોનાસ ફ્લોરોસેન્સ (૩ લિટર) અને બ્યુવેરિયા, બેસિયાના (૩ કિલો) ને વર્મીકમ્પોસ્ટ ૨ ટન સાથે થોડા પાણીમાં ભેળવીને (ભેજનું પ્રમાણ ૨૦%) છંટકાવ કરવો જોઈએ

સંકલિત પોષણ વ્યવસ્થા :સામાન્ય રીતે બાગાયતદારો અસમતોલ, આપુરતા, કાર્યરત મૂળ વિસ્તાર જોયા વગર પાકની અવ્યસ્થા ધ્યાને લીધા વગર ખાતરો વાપરે છે, ખર્ચ વધારે છે, ગુણવતા બગાડે છે. તેની સામે સંકલિત પોષણ વ્યવસ્થા માં સમતોલ, સમયસર, યોગ્ય જગ્યાએ અને પાકની અવસ્થા ધ્યાને લઈ અપાતા ખાતરોમાં દેશી છાણીયું ખાતર, કંમ્પોષ્ટ, ખોળ, હાડકાનો પાવડર સીવીડ, અઝોલા, વર્મી કંમ્પોષ્ટ, લેધરમીલ, પોલ્ટી મેન્યુર જૈવિક ખાતરો લીલો પડવાશ, પાકની ફેરબદલી, વિગેરેના વપરાશના જમીનનું પોત બંધારણ સુધરશે પર્યાવરણ બગડશે નહિ ઉત્પાદન વધશે સાથે ગુણવત્તા સુધરશે સામાન્ય પ્રજાનું આરોગ્ય સુધરશે ઉત્પાદન ગ્રાહકલક્ષી અને નિકાસલક્ષી બનશે. આમ રાસાયણિક ખાતરોની અવેજીમાં ઉપાયો બતાવવામાં આવ્યા છે. નીલગાય અને ભૂડ ભગાડવાના ઉપાય ( યુનિવર્સીટીની ભલામણ નથી): દેશી ગાય ની છાશ ૨ વર્ષ જૂની હતી તેને બોટલમાં ભરી બાગાયતી પાકમાં ૫૦-૫૦ ફૂટના અંતરે ઢાકણા વગરની મુકેલ અન્ય પાકમા શેઢા – પાળા પર ૨૦ વીઘામાં ૩૦ બોટલ મુકવામાં આવતા તેનો નીલગાય અને ભૂડનો ત્રાસ રહેતો નથી.

આંબામાં ઘનિષ્ઠ વાવેતર પધ્ધતિ ના ફાયદા :-

૧.ઝાડ દીઠ તેમજ હેક્ટર દીઠ બે થી ત્રણ ગણું વધુ ઉત્પાદન લઈ શકય છે. ફળની ગુણવતા એટલે કે ફળની સાઈઝ,કલર, આકાર વગેરેમાં સુધારો જોવા મળે છે.

૨. આ પધ્ધતિમાં હેક્ટર દીઠ વધુ આવક મળે છે.

૩. ત્રીજા વર્ષેથીજ વ્યાપારીક ઉત્પાદન મળે છે તેમજ ઉત્પાદનનો સમયગાળો નાનો થાય છે.

૪. ફળ,ફૂલને નિયંત્રણ કરી દર વર્ષે ઉત્પાદન મેળવી શકાય છે.

૫. શરૂઆતના વર્ષમાં આંતર પાકોથી આવક મેળવી શકાય છે.

૬. ઝાડની ઉંચાઇ ઓછી હોવાના કારણે પાકની લણણી સરળતાથી કરી શકાય છે.

૭. લાંબા અંતરે વાવેલ આંબાવાડીને પણ ઘનિષ્ઠ વાવેતરમાં ફેરવી શકાય છે.

૮. જમીન,પાણી અને સુર્યપ્રકાશનો મહત્તમ અને કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે.

૯. એકમ વિસ્તામાં વધારે ઝાડ રોપવાના હોવાથી તેની જાળવણી માટે વધારે માનવ દિવસની જરૂરીયાત રહે છે જે ખેતીમાં





વધારે રોજગારી પુરી પાડે છે.

૧૦. કેળવણી અને છટણી દ્વારા ઝાડની ઉંચાઈ નિયમિત અને નિયંત્રણ થાય છે તેમજ ઝાડ ઉંચાઈ કરતા ઝાડનો ઘેરાવો વધુ થતો હોવાથી ઝાડની જાળવણીમાં યાંત્રિક મશીનરીનો ઉપયોગ શક્ય બને છે.

૧૧. નિયમીત છટણી થવાથી કલમોનું આંતરે વર્ષે ફળવાની મુશ્કેલીનું ઘણા અંશે નિવારણ શક્ય બને છે. ૧૨. ઝાડની વૃધ્ધિ નિયંત્રણ રાખવાથી દવાના છાંટકાવ વધુ અસરકારક રીતે કરી શકાય છે. ૧૩. દવાની જેમ રાસાયણિક અને સેન્દ્રિય ખાતર તેમજ પાણીનો પણ કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે છે. ૧૪. છોડનો આકાર નાનો હોવાથી આંબામાં ફળો ઉપર પેપર બેગ (કોથળી) સહેલાઈથી લગાવી ઉચ્ચ ગુણવતા યુક્ત ફળો મેળવી શકાય છે. ૧૫. ફળની પરિપક્વ અવસ્થા સરળતાથી જાણી શકાય છે. ૧૬. ફળ પરિપક્વ અવસ્થા એ પહોચ્યા બાદ કાપણી પણ ખુબજ અનુકુળ રહે છે. ૧૭. નિકાસલક્ષી ગુણવતા ધરાવતી નવી જાતોનું વાવેતર ઘનિષ્ટ વાવેતર પધ્ધતિ દ્વારા કરી સારૂ એવું વિદેશી હુંડિયામણ કમાવમવાનીતક મળે છે. ૧૮. પાક સંવર્ધનની કામગીરી પણ સરળતાથી કરી શકાય છે. ૧૯. આ પધ્ધતિમાં સરકારશ્રી દ્વારા ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવે છે.૨૦. આ પધ્ધતિમાં વાતાવરણનાં ફેરફારો એટલે કે જલ-વાયુ પરિવર્તન ની માઠી અસર ઓછી થાય છે. નાળીયેરીમાં ઈરીયોફાઈડ માઈટ :- ફળો ખરી પડે, તીરાડો પડે, ગુંદર નીકળે, લીલો ભાગ દુર થાય. તેના નીયત્રંણ માટે

(૧) પુરતા પ્રમાણમાં પીયત આપવું.

(૨) ભલામણ મુજબના ખાતરો આપવા.

(૩) લીલો પડવાશ,વનસ્પતિનો ખોળ, અળશીયાનું ખાતર વિગેરે આપવું.

(૪) કાળા માથાની ઈયળ મુજબનું નીયત્રંણ.

(૫) વનસ્પતિ જન્ય જંતુ નાશક દવા નિમાજલ, એજેડીરેક વિગેરે મુળ શોષણ પધ્ધતિ દ્વારા ૧૦ મીલી. પાણીમાં મૂળ શોષણ પધ્ધતી દવારા આપવું.

(૬) પાક સંરક્ષાણના સામુહીક પગલા લેવા.

# પેશન ફ્રુટ (Passion Fruit) ની ખેતી વીશે જાણકારી

**પ્રશ્ન ૧:** પેશન ફ્રુટ શું છે અને તેનો ઉપયોગ શું છે?

**જવાબ:** ● પેશન ફ્રુટ એક બહુવર્ષીય વેલ પાક છે. ● તેનો ઉપયોગ મુખ્યત્વે જ્યુસ, સ્ક્વોશ, આઈસ્ક્રીમ અને તાજા ફળ તરીકે થાય છે. ● આ ફળમાં વિટામિન C, વિટામિન છ અને એન્ટીઑક્સિડન્ટ ભરપૂર પ્રમાણમાં હોય છે, તેથી આરોગ્ય માટે ખૂબ લાભદાયક છે.

**પ્રશ્ન ૨:** પેશન ફ્રુટ માટે કયું હવામાન અને માટી યોગ્ય છે?

**જવાબ:** ● પેશન ફ્રુટને ઉષ્ણ કટિબંધીય અને ઉપઉષ્ણ કટિબંધીય હવામાન અનુકૂળ છે. ● ૨૦ થી ૩૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાન શ્રેષ્ઠ છે. ● માટી તરીકેસારી નિકાસવાળી રેતીલી દોઢમાટી, pH ૫.૫ થી ૬.૫ હોવી જોઈએ. પાણી ભરાય તેવી જમીન ટાળવી.

**પ્રશ્ન ૩:** પેશન ફ્રુટની કઈ જાતો ઉપલબ્ધ છે?

**જવાબ:** ભારતમાં અને વિશ્વભરમાં પેશન ફ્રૂટની અનેક જાતો જોવા મળે છે. પરંતુ ભારતમાં વ્યાવસાયિક ખેતી માટે મુખ્યત્વે પીળો પેશન ફ્રૂટ, જાંબલી (પર્પલ) પેશન ફ્રૂટ અને 'કાવેરી' હાઈબ્રિડ (જાંબલી પીળો) વધારે પ્રચલિત છે.

૧) પીળો પેશન ફ્રૂટ (Yellow Passion Fruit) ● આ જાતની ચાણવાળા વિસ્તારો માટે વધુ યોગ્ય છે. ● ઠંડી હવામાન માટે સંવેદનશીલ હોવાથી ઉંચાઈવાળા વિસ્તારમાં ઉત્પાદન ઓછું આપે છે. ● ફળનું કદ જાંબલી જાત કરતાં મોટું હોય છે. ● એક ફળનું વજન આશરે ૬૦-૬૫ ગ્રામ હોય છે. ● ફળ ગોળ આકારનું, પીળા ધબ્બાવાળું અને પાકે ત્યારે સોનેરી પીળા રંગનું થઈ જાય છે. ● રોગ અને જીવાત સામે સારી સહનશક્તિ ધરાવે છે.

૨) જાંબલી પેશન ફ્રૂટ (Purple Passion Fruit)

● આ જાતઉંચાઈવાળા અને ઠંડા વિસ્તારોમાં સારી ઉપજ આપે છે. ● એક ફળનું વજન આશરે ૩૫-૫૦ ગ્રામ અને વ્યાસ લગભગ ૫ સેમીહોય છે. ● પાકે ત્યારે ફળઘાટા જાંબલી રંગનું બને છે. ● રસનું પ્રમાણ આશરે ૩૦-૩૫% હોય છે. ● આ જાતસારા સ્વાદ અને પોષક તત્ત્વોમાટે ખાસ જાણીતી છે.

૩) કાવેરી હાઈબ્રિડ પેશન ફ્રૂટ (Hybrid Kaveri) ● આ જાત જાંબલી પીળા પેશન ફ્રૂટનો સંકરણ છે. ● કર્ણાટક સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોર્ટિકલ્ચરલ રિસર્ચ

પ્રો. ચિરાગ એસ. રાદડિયા,
ડો. એમ. એચ. સાપોવડીયા અને
ડો. વી. સી. ગઢીયા
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

(IIHR) દ્વારા વિકસાવવામાં આવી છે. ● પીળી અને જાંબલી જાતની સરખામણી એ ઉચ્ચ ઉપજ આપતી શ્રેષ્ઠ જાત છે. ● એક ફળનું વજન આશરે ૯૦–૧૧૦ ગ્રામ થાય છે. ● ફળ જાંબલી રંગનું હોય છે અને તેની ગુણવત્તા લગભગ જાંબલી જાત જેવી જ હોય છે. ● સામાન્ય રોગો અને જીવાત સામે ઉચ્ચ સહનશક્તિ ધરાવે છે.

**પ્રશ્ન ૪:** પેશન ફ્રુટનું વાવેતર ક્યારે અને કેવી રીતે કરવું?

**જવાબ:** ● પેશન ફ્રૂટના છોડનું પ્રજનન મુખ્યત્વેબીજ દ્વારા, કટિંગ દ્વારા અને ગ્રાફ્ટિંગ (કલમ)દ્વારા કરવામાં આવે છે. ● કટિંગની તુલનામાંબીજથી ઉગેલા છોડ અને ગ્રાફ્ટ કરેલા છોડ વધુ તાકાતવાન હોય છે. જોકે, વનસ્પતિ પ્રજનન પધ્ધતિ (કટિંગ/કલમ)માં વધારે સમય લાગતો હોવાથી ખેડૂતોએ સામાન્ય રીતેબીજ દ્વારા પ્રજનન વધુ પસંદ કરે છે.

૧) બીજ દ્વારા પ્રજનન (Seed Propagation)● સારી જાત અને વધુ ઉત્પાદન આપતી માતૃ વેલમાંથી ગુણવત્તાવાળા બીજ લેવા. ● ફળમાંથી પલ્પ કાઢ્યા બાદ તેમાંના બીજને અલગ કરવા માટે પલ્પને ૩ દિવસ સુધી ફરમેંટ થવા દેવું. ● માર્ચ-એપ્રિલ મહિનામાંસારી રીતે તૈયાર કરેલા નર્સરી બેડમાં બીજ વાવવું. ● જ્યારે છોડમાં ૫ થી ૬ પાંદડાઆવી જાય ત્યારે તેને ૧૦ x ૨૨ સે.મી.ના પોલી બેગમાં રોપવા. ● પોલી બેગમાં માટી: ખાતર (કોમ્પોસ્ટ) : રેતી ૨ : ૧ : ૧ના પ્રમાણમાં ભરવી. ● આવા રોપા લગભગ ૩ મહિનામાં મુખ્ય ખેતરમાં રોપાણ માટે તૈયાર થઈ જાય છે.

૨) વનસ્પતિ દ્વારા પ્રજનન (Vegetative Propagation – f®x„) ● અર્ધ કઠિન (સેમી હાર્ડવુડ) ડાળીમાંથી આશરે ૩૦ સે.મી. લંબાઈનીઅને ઓછામાં ઓછા ૩ ગાંઠ (નોડ)ધરાવતી કટિંગ લેવી. ● મૂળ નીકળવા માટે કટિંગને રેતીના બેડ અથવા કુંડામાં મૂકવી. ● મૂળ સારી રીતે વિકસે તે માટે પછી તેને પોલીબેગમાં ખસેડવી. ● મૂળવાળી કટિંગ લગભગ ૩ મહિનામાં મુખ્ય ખેતરમાં રોપાણ માટે તૈયાર થઈ જાય છે.

વાવેતર માટે શ્રેષ્ઠ સમય: ● ચોમાસું: જૂન-જુલાઈ ● સિંચિત વિસ્તાર:ફેબ્રુઆરી–માર્ચ ૪૫ x ૪૫ x ૪૫ સે.મી.ના ખાડા કરી તેમાં ૧૦-૧૫ કિ.ગ્રા છાણ ખાતર અને ૨૫૦ ગ્રામ લીંબોળીનો ખોળ ભરીર.૫ x ૩ મીટર અંતરે વાવેતર કરવું.

**પ્રશ્ન ૫:** પેશન ફ્રુટ માટે આધાર કેમ જરૂરી છે?

**જવાબ:** ● પેશન ફ્રુટ વેલ પાક હોવાથી તેને આધાર વિના ઉગાડી શકાય નહીં. ● પેશન ફ્રૂટની વેલને શરૂઆતમાં જમીનથી લઈને ટ્રેલિસ (તારની માળખી)ની ઊંચાઈ સુધી એક જ સીધી, શાખાવિહોણી ડાળી રાખીને ઉછેરવી જોઈએ. ● ટ્રેલિસની ઊંચાઈ પહોંચ્યા પછી તેમાંથી બે તાકાતવાન



ડાળીઓપસંદ કરી, તેને તાર પરએકબીજાની વિરુધ્ધ દિશામાં ફેલાવવી. ● પેશન ફ્રૂટ માટે સૌથી સસ્તી અને અસરકારક ટ્રેનિંગ પધ્ધતિ "નિફિન સિસ્ટમ (Kniffin System)" માનવામાં આવે છે.

નિફિન સિસ્ટમની વિગતો:

● આશરે ૨.૫ મીટર ઊંચા થાંભલાઉભા કરવા. ● એક થાંભલા વચ્ચેનું અંતર ૩ મીટરરાખવું. ● થાંભલાઓ પર ૯ થી ૧૦ ગેજની ૪ તારની લાઈનોઆડવી રીતે ખેંચવી.● વેલની ડાળીઓને આ તાર પર ચડાવી સારી રીતે ફેલાવવી.

આ પધ્ધતિથી વેલને યોગ્ય પ્રકાશ, હવા મળે છે અને ઉત્પાદન વધે છે તેમજ સંભાળ સરળ બને છે.

બાવર સિસ્ટમ અથવા વાયર ટ્રેલિસ પધ્ધતિ શ્રેષ્ઠ છે.

આધારથી:

● વધુ ફૂલ આવે

● ફળની ગુણવત્તા સુધરે

● કાપણી સરળ બને

**પ્રશ્ન ૬:** ખાતર અને સિંચાઈ કેવી રીતે કરવી?

**જવાબ:** પ્રતિ છોડ દર વર્ષે: ● ૨૦–૨૫ કિ.ગ્રા છાણીયું ખાતર ● નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ બે હપ્તામાં આપવું

સિંચાઈ માટે: ● ફૂલ અને ફળ વિકાસ દરમિયાન નિયમિત પાણી ● ડ્રિપ સિંચાઈ ખૂબ લાભદાયક

**પ્રશ્ન ૭:** પેશન ફ્રુટમાં ફૂલ અને ફળધારણ કેવી રીતે થાય છે?

**જવાબ:** ● ઘણી જાતોમાં સ્વ-પરાગણ શક્ય નથી. ● પરાગણ મુખ્યત્વે કાર્પેન્ટર માખી દ્વારા થાય છે. પરાગણ ઓછું હોય તો હાથથી પરાગણકરીને ફળધારણ વધારી શકાય છે.

**પ્રશ્ન ૮:** મુખ્ય જીવાત અને રોગ કયાં-કયાં છે?

**જવાબ:** જીવાતો: ફળમાખી, મોલો અને થ્રિપ્સ, રોગો: ફ્યુઝેરિયમ વિલ્ટ, રૂટ રોટ અને વુડિનેસ વાયરસ

નિયંત્રણ માટે: ● રોગમુક્ત છોડ વાપરવા

● લીમડા આધારિત દવાઓ ● જરૂર મુજબ જંતુનાશક દવાઓ

**પ્રશ્ન ૯:** કાપણી ક્યારે કરવી અને કેટલું ઉત્પાદન મળે?

**જવાબ:** ● ફૂલ આવ્યા પછી ૭૦–૮૦ દિવસમાં ફળ તૈયાર થાય છે. ● ફળ રંગ બદલાય અથવા જમીન પર પડે ત્યારે કાપણી કરવી.

ઉત્પાદન: ● પ્રથમ વર્ષ: ૩–૫ ટન પ્રતિ હેક્ટર ● બીજા વર્ષથી: ૮–૧૨ ટન પ્રતિ હેક્ટર

**પ્રશ્ન ૧૦:** પેશન ફ્રુટ ખેતી નફાકારક છે કે નહીં?

**જવાબ:** હા,મધ્યમ ખર્ચ તેમજ બીજા વર્ષથી સારો નફો મળી શકે. ● પ્રોસેસિંગ અને નિકાસમાં ઊંચી માંગ અને યોગ્ય પધ્ધતિ અપનાવીએ તો પેશન ફ્રુટની ખેતી નફાકારક સાબિત થઈ શકે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાટીદાર સમાજની પ્રશંસા કરી

# સુરતમાં જમનાબા વિદ્યાર્થી ભવનનું ભવ્ય લોકાર્પણ

સુરત,તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા નિર્મિત જમનાબા વિદ્યાર્થી ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ ભવ્ય પ્રોજેક્ટ વિદ્યાર્થીઓના શિક્ષણ અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને આશરે ૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી સાથે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રી જીતુ વાઘાણી, કૌશિક વેકરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન મુખ્ય દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. થોડા સમય પહેલાં આત્મહત્યા કરનાર બિલ્ડર સ્વર્ગસ્થ તુષાર ઘેલાણીના પરિવારનું પણ મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમના પત્ની ભાવુક બની ગયા હતા અને તેમની આંખોમાં આંસુ આવી ગયા હતા. તુષાર ઘેલાણી દ્વારા પણ આ વિદ્યાર્થી ભવનના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે પાટીદાર સમાજ માત્ર ખેતી પૂરતો સીમિત રહ્યો નથી, પરંતુ દરેક ક્ષેત્રમાં સમાજે આગવી ઓળખ ઉભી કરી છે. ''પથ્થરને પણ




કોતરીને પાણી કાઢવાની તાકાત પાટીદાર સમાજમાં છે,'' તેમ કહી તેમણે સમાજની કાર્યશક્તિ અને સેવાભાવની પ્રશંસા કરી હતી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈંધણ બચત અને સોનું ન ખરીદવાની અપીલનું પાલન કરવા પણ અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આ અત્યાધુનિક હોસ્ટેલથી સૌરાષ્ટ્ર અને ગુજરાતના હજારો મધ્યમવર્ગીય પરિવારોના દીકરા-દીકરીઓને સસ્તા દરે ઉચ્ચ સ્તરની શૈક્ષણિક સુવિધાઓ મળશે. તેમણે સમાજ અને ટ્રસ્ટીઓના સેવાકાર્યોની પ્રશંસા કરી હતી.સુરતના પ્રવેશદ્વાર સમાન વિસ્તારમાં બનેલું આ જમનાબા વિદ્યાર્થી ભવન કુલ ૧૩ માળનું છે અને આશરે ૩ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે. પ્રથમ તબક્કામાં અહીં ૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે આધુનિક હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ભવનમાં ડિજિટલ લાઈબ્રેરી, વાઈ-ફાઈ, સ્પોર્ટ્સ ઝોન, ડાઈનિંગ હોલ સહિતની અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા આગામી સમયમાં ૫૦૦ દીકરીઓ માટે ''કિરણ મહિલા ભવન''નું પણ નિર્માણ કરવામાં આવશે. આ બંને પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને સુરતમાં પરિવાર જેવી લાગણી સાથે અભ્યાસ અને રહેઠાણની સુવિધા પ્રાપ્ત થશે તેમ કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું.

## ભારત બે દિવસમાં બાંગ્લાદેશને હરાવી શકે: ભાજપ નેતા અર્જુન સિંહનું નિવેદન

કોલકાતા, તા.૨૪



અર્જુન સિંહએ ભારત-બાંગ્લાદેશ સરહદે વધેલા તણાવ વચ્ચે વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે જો વડા પ્રધાન નરેન્દ્ર મોદી આદેશ આપે તો ભારતીય દળો બે દિવસમાં બાંગ્લાદેશને હરાવી શકે છે. આ નિવેદન તીન બિઘા કોરિડોર નજીક વાડ બનાવવાના મુદ્દે બીએસએફ અને બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ વચ્ચે થયેલા વિવાદ બાદ આવ્યું છે.

સરહદ પર વધતા તણાવ વચ્ચે બંને દેશોના અધિકારીઓ વચ્ચે ફ્લેગ મીટિંગ યોજાઈ હતી. બીએસએફે જણાવ્યું કે હાલ સરહદી વિસ્તારમાં જમીનનું સર્વેક્ષણ ચાલી રહ્યું છે, જ્યારે બાંગ્લાદેશે ઝીરો લાઈનથી ૧૫૦ યાર્ડની અંદર કાયમી બાંધકામનો વિરોધ નોંધાવ્યો હતો.

## મુસ્લિમ શબ્દ બોલવામાં શરમાવું નહીં, રાહુલ ગાંધીનો કોંગ્રેસ નેતાઓને સંદેશ

દિલ્હી, તા.૨૪

રાહુલ ગાંધીએ કોંગ્રેસના મુસ્લિમ નેતાઓને સમુદાય સંબંધિત મુદ્દાઓ ખુલ્લેઆમ ઉઠાવવાનો સંદેશ આપ્યો છે. નવી દિલ્હીમાં યોજાયેલી કોંગ્રેસ લઘુમતી બાબતો સલાહકાર પરિષદની બેઠકમાં તેમણે કહ્યું કે કોંગ્રેસે ''મુસ્લિમ'' શબ્દનો ઉપયોગ કરવામાં અચકાવું જોઈએ નહીં. તેમના મતે, કોઈ



મુસ્લિમ પર અન્યાય થાય તો તેને માત્ર ''લઘુમતી'' તરીકે નહીં પરંતુ ''મુસ્લિમ'' તરીકે ઓળખાવીને અવાજ ઉઠાવવો જોઈએ.

સૂત્રોના જણાવ્યા મુજબ, રાહુલ ગાંધીએ લઘુમતી વિભાગને મુસ્લિમ સમુદાયની ભાગીદારી અને પ્રતિનિધિત્વ વધારવા માટે સક્રિય કામ કરવાની સૂચના આપી હતી. બેઠક દરમિયાન તેમણે મતચોરી, ચૂંટણી પારદર્શિતા તેમજ આર્થિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આર્થિક નીતિઓ પર નિશાન સાધતાં બેરોજગારી અને મોંઘવારીના મુદ્દાઓને ગંભીર ગણાવ્યા હતા.

## જૂનાગઢની કે.જે. હોસ્પિટલમાં બિનરજિસ્ટર્ડ ડોક્ટર પાસે ૭૬ સર્જરી કરાવ્યાનો ખુલાસો

જૂનાગઢ, તા.૨૪

કે.જે. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગંભીર ગેરરીતિઓને કારણે વિવાદમાં આવી છે. હોસ્પિટલમાં સરકારી યોજનાઓ હેઠળ સારવાર લેતા ગરીબ દર્દીઓના જાણ બહાર અને નિયમોના ઉલ્લંઘન સાથે સર્જરી કરવામાં આવી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. તપાસમાં સામે આવ્યું છે કે 'ગુજરાત મેડિકલ કાઉન્સિલ'નું ફરજિયાત રજીસ્ટ્રેશન ન ધરાવતા ડોક્ટર પાસે કુલ ૭૬ ઓપરેશન કરાવવામાં આવ્યા હતા. તપાસ મુજબ હોસ્પિટલમાં નિયમ કરતાં વધુ સર્જરી પણ કરવામાં આવી હતી. એક જ દિવસે ત્રણથી વધુ ઘૂંટણ રિપ્લેસમેન્ટ સર્જરી કરાઈ હોવાના આક્ષેપો થયા છે. આયુષ્માન ભારત યોજના હેઠળ ઓપરેશન અને ડોક્ટરોની વિગતોમાં પણ ગેરરીતિ મળી આવી હોવાનું કહેવાઈ રહ્યું છે.આટલા મોટા કૌભાંડ છતાં હોસ્પિટલ સામે માત્ર ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારાતા આરોગ્ય તંત્ર સામે લોકોમાં ભારે રોષ ફેલાયો છે.

## ડીઝલ અછત મુદ્દે સુરેન્દ્રનગરમાં કોંગ્રેસનો અનોખો વિરોધ, ગધેડા સાથે પહોંચ્યા કાર્યકરો

સુરેન્દ્રનગર, તા.૨૪

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલની કથિત અછત મુદ્દે અનોખો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વઢવાણ તાલુકા પંચાયત કચેરીએ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ ગધેડા પર ખાલી કેરબા મૂકી ઢોલ-નગારા સાથે પહોંચ્યા હતા અને સરકાર વિરુધ્ધ સૂત્રોચ્ચાર



કર્યા હતા. વિરોધનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ બન્યો છે. કોંગ્રેસના આગેવાનોનો આક્ષેપ છે કે પેટ્રોલ પંપ પર લાંબી લાઈનોને કારણે ખેડૂતો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. શક્તસિંહ ઝાલાએ જણાવ્યું કે સરકાર ચૂંટણી પહેલા ડીઝલની અછત નહીં હોવાનો દાવો કરતી હતી, પરંતુ હવે ખેડૂતોને પૂરતું ડીઝલ મળતું નથી. ખેડૂત આગેવાન રણજિતસિંહ ઝાલાએ સરકાર પાસે ખેડૂતો અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ માટે તાત્કાલિક પૂરતા ડીઝલની વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

## ભારતી આશ્રમ વિવાદમાં યુવકે ઈકાબાપુ પર અશ્લીલ હરકતો અને દબાણના આક્ષેપ કર્યા

અમદાવાદ, તા.૨૪

ભારતી આશ્રમ ફરી એકવાર વિવાદમાં આવ્યું છે. આશ્રમ સાથે જોડાયેલા ઈકાબાપુનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચર્ચા જગાવી છે. વીડિયોને લઈને એક યુવકે ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું કે ઈકાબાપુ તેને રૂમમાં બોલાવી અશ્લીલ હરકતો અને મસાજ




કરવા માટે દબાણ કરતા હતા. યુવકે એવો પણ દાવો કર્યો કે તેને નશો કરવા માટે મજબૂર કરવામાં આવતો હતો. યુવકના જણાવ્યા મુજબ, લાંબા સમયથી ચાલતી આ હરકતોના પુરાવા તરીકે તેણે વીડિયો રેકોર્ડ કર્યો હતો. યુવકે પોલીસ પર પણ અરજી ન સ્વીકારવાનો આરોપ લગાવ્યો છે. જોકે, એલ.એલ. ચાવડાએ આ આક્ષેપોને નકારી તપાસ ચાલુ હોવાનું જણાવ્યું છે. બીજી તરફ, ભારતી આશ્રમ ટ્રસ્ટે તાત્કાલિક બેઠક બોલાવી ઈકાબાપુને તમામ જવાબદારીઓમાંથી દૂર કરવાનો નિર્ણય લીધો છે.

## ઉનાના ખાપટ વાડી વિસ્તારમાં રાની પશુઓની અવરજવરથી ખેડૂતો પરેશાન

ઉના,તા.૨૪

ગીર નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહ અને દીપડા જેવા હિંસક વન્ય જીવોની સતત અવરજવરને કારણે ખેડૂતો અને સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તાજેતરમાં ખાપટ અને ઝુડવડલી ગામના વાડી વિસ્તારોમાં સિંહો રાત્રિના સમયે ગર્જના અને પેટ્રોલિંગ કરતા કેમેરામાં કેદ થયા હતા. ઉના-ગીર ગઢડા પંથક જંગલની સરહદ નજીક હોવાથી અહીં સિંહોની હાજરી સામાન્ય બની છે. વન વિભાગ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવે છે, પરંતુ વન્યજીવોના આતંકને કારણે ખેડૂતો વાડીએ જતા ડરી રહ્યા છે, જેથી વરસાદ પહેલાના ખેતીના મહત્વના કામો અટકી પડ્યા છે. હાલ ગ્રામજનો પાસે વન્ય પ્રાણીઓથી સતત



સાવચેત રહેવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નથી.

## પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે ભારત-ઓમાન સંરક્ષણ સહયોગ મજબૂત

નવી દિલ્હી, તા.૨૪

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી કટોકટી વચ્ચે ભારત અને ઓમાનએ સંરક્ષણ સહયોગ વધુ મજબૂત બનાવ્યો છે. ભારતીય મોબાઈલ તાલીમ ટીમોએ ઓમાનના સુલતાનના સશસ્ત્ર દળોના આશરે ૧૧૦ અધિકારીઓ માટે વિશેષ લશ્કરી તાલીમ કાર્યક્રમ યોજ્યો હતો. આ તાલીમમાં ઓપરેશનલ કોઓર્ડિનેશન અને સંયુક્ત લોજિસ્ટિક્સ તૈયારી પર ખાસ ભાર મૂકાયો હતો.

ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેનાના અધિકારીઓએ આ પહેલનું નેતૃત્વ કર્યું હતું. તાજેતરમાં વિદેશ મંત્રી એસ. જયશંકર અને ઓમાનના વિદેશ મંત્રી સૈયદ બદ્ર બિન હમાદ અલ બુસૈદી વચ્ચે પણ પશ્ચિમ એશિયા અને દ્વિપક્ષીય સહયોગ મુદ્દે ચર્ચા થઈ હતી.

## કોડીનારના આલિદર ગામે સહકારી મંડળી દ્વારા ખેડૂતોને કોઈ પણ મર્યાદા વગર ડીઝલનું વિતરણ

**ગ્રાહકો માટે ઠંડા શરબત અને પાણીની ખાસ સુવિધા કરાઈ**

કોડીનાર,તા.૨૪

પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે કોડીનારના આલિદર ગામે સહકારી મંડળીએ સચોટ આયોજન અને માનવતાવાદી અભિગમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. 'આલિદર સેવા સહકારી મંડળી' સંચાલિત પેટ્રોલ પંપ પર આજુબાજુના ૧૦ કિમી ત્રિજ્યાના તમામ ખેડૂતોને કોઈ પણ લિમિટ વગર ડીઝલ આપવામાં આવી રહ્યું છે, જે કૃષિ ક્ષેત્ર માટે મોટી રાહત સમાન છે.

મંડળીના પ્રમુખ અને હોદ્દેદારો દ્વારા સોશિયલ મીડિયા મારફત ઈંધણની ઉપલબ્ધતાની સતત અપડેટ અપાતી હોવાથી પંપ પર બિનજરૂરી લાઈનો કે અફરાતફરી ટળી છે. વાહનચાલકો પણ શિસ્તબધ્ધ રીતે સહકાર આપી રહ્યા છે. આ ઉપરાંત, કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને મંડળીના પ્રમુખ હમીરભાઈ વૈંશ દ્વારા ગ્રાહકો માટે ઠંડા શરબત અને પાણીની ખાસ સુવિધા કરાઈ છે. મંડળીની આ સુંદર વ્યવસ્થા અને સુશાસનની સમગ્ર પંથકમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

## કોડીનારમાં મોટો રાજકીય ઉલટફેર: અપક્ષના ટેકાથી તાલુકા પંચાયત પર કોંગ્રેસનો કબ્જો

કોડીનાર,તા.૨૪

કોડીનાર તાલુકા પંચાયતના સભાખંડમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટે યોજાયેલી બેઠકમાં કોંગ્રેસે ભાજપના ૩૦ વર્ષના શાસનનો અંત આણી સત્તા કબજે કરી છે. કુલ ૨૪ બેઠકોમાંથી ભાજપને ૧૧, કોંગ્રેસને ૧૨ અને અપક્ષને ૧ બેઠક મળી હતી. ભાજપે સત્તા મેળવવા અનેક પ્રયાસો કર્યા, પરંતુ અરણેજ



તસવીર : ધર્મેશ પાઠક

બેઠકના નિર્ણાયક અપક્ષ સભ્ય અસ્મિતાબેન અનિરુદ્ધસિંહ જાદવે કોંગ્રેસને ટેકો આપ્યો હતો. પરિણામે, કોંગ્રેસના અનુપાબેન રાજેન્દ્રભાઈ સોલંકી પ્રમુખ અને હર્ષાબેન મયુરભાઈ ગાધે ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા, જ્યારે અપક્ષ ઉમેદવાર અસ્મિતાબેનને કારોબારી ચેરમેનનું પદ સોંપાયું હતું. ભાજપના પ્રલોભનો છતાં કોંગ્રેસના સભ્યો અકબંધ રહ્યા હતા. આ ઐતિહાસિક જીત પ્રસંગે ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજાભાઈ વંશ, જેઠાભાઈ સોલંકી સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ અને કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## લીલીયા તાલુકા પંચાયતમાં કોંગ્રેસના પ્રમુખ-ઉપપ્રમુખ બિનહરીફ ચૂંટાયા

લીલીયા, તા.૨૪

લીલીયા તાલુકા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી તા. ૨૫ મેના રોજ યોજાનાર છે. ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત આજે ઉમેદવારી ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતની આગેવાની હેઠળ કોંગ્રેસના ચૂંટાયેલા ૯ સભ્યો સાથે બેઠક યોજાઈ હતી.બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ તરીકે



જગદીશભાઈ દેથલીયા અને ઉપપ્રમુખ તરીકે વિજયભાઈ કોગથીયાના નામ પર સર્વાનુમતે



સહમતિ સાધવામાં આવી હતી. બંને ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતા તેમની સામે અન્ય કોઈ ઉમેદવારી નોંધાઈ ન હોવાથી તેઓ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. આ સાથે લીલીયા તાલુકા પંચાયતમાં આગામી અઢી વર્ષ માટે કોંગ્રેસનું શાસન રહેશે તે નિશ્ચિત બન્યું છે. કોંગ્રેસ કાર્યકરો અને સમર્થકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. જિલ્લા કોંગ્રેસ આગેવાનો દ્વારા બંને હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

06-2026
માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાસ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજમાં
મર્યાદિત સંખ્યામાં હોસ્ટેલમાં
૨૦૨૬-૨૭ માં પ્રવેશ ચાલુ છે.
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય - આટકોટ
ધોરણ : ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ (ગુજરાતી માધ્યમ)
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ : ૯ અને ૧૦ (ગુજરાતી માધ્યમ)
સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ
શું આપની દિકરીને 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' આટકોટ માં ધોરણ ૫ થી ૮ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણ B.A., B.Com, B.C.A., B.Ed., M.Ed., A.N.M. નર્સિંગ, G.N.M.નર્સિંગ, B.Sc. નર્સિંગ, P.B.B.Sc. નર્સિંગ, કે M.Sc. નર્સિંગ. મહિલા નિવાસી સંકુલની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા ઇચ્છો છો ? તો પાટીદાર ભવન, આટકોટ રોડ, જસદણ નો સંપર્ક કરો... વધુમાં વધુ રૂા.૨૦૦૦૦/– સુધીની વાર્ષિક સ્કોલરશીપ મેળવો.
મુળ સૌરાષ્ટ્રના પાટીદાર સમાજ કે જે ગુજરાતમાં કોઈપણ જગ્યાએ સ્થાયી થયેલ હોઈ વર્તમાન મહા ભયંકર મંદીમાં આપ પણ આર્થિક સંકડામણ ભોગવતા હોઈ આપનું સંતાન દિકરીની ઉચ્ચ કારકિર્દી બનાવવા 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' - આટકોટ ના મહિલા નિવાસી સંકુલ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા માંગતા હો તો અચૂક અમારો સંપર્ક કરવા વિનંતી...
સંપર્ક કરો...
પાટીદાર ભવન - જસદણ. આટકોટ રોડ, જસદણ
જી.રાજકોટ મો. ૯૭૨૫૧ ૩૮૭૯૯ / ૯૭૩૭૦ ૧૩૮૧૯
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ
મો. ૯૪૨૬૯ ૬૧૧૩૨ / ૯૯૨૪૩ ૨૪૧૬૩
શું આપની દિકરીને ગુણવત્તાયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?
- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો–એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉતિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ–૧, કલાસ–૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતં હોય.
એનો જવાબ છે કે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું" ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે
'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'

# અમરેલી જિલ્લાના ૧૧ તાલુકા પંચાયતોના પ્રમુખોની આજે વરણી

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં તાલુકા પંચાયતોના નવા સુકાનીઓની વરણી માટે આજે ચૂંટણી તંત્ર દ્વારા બેઠક યોજાઈ રહી છે. એજન્ડા મુજબ દરેક તાલુકા પંચાયતમાં પ્રથમ સામાન્ય સભા સાથે પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન સહિતના હોદ્દેદારોની પસંદગી કરવામાં આવશે.

જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતોમાંથી ૯ તાલુકા પંચાયતોમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે, જ્યારે એક તાલુકા પંચાયત આમ આદમી પાર્ટી અને એક તાલુકા પંચાયત કોંગ્રેસના હાથમાં જવાની સ્થિતિ સર્જાઈ છે. જોકે લાઠી તાલુકા પંચાયતમાં ભાજપ પાસે બહુમતી હોવા છતાં ઓબીસી મહિલા સભ્ય ન હોવાને કારણે રાજકીય સમીકરણોમાં ફેરફાર જોવા મળી રહ્યો છે.

લાઠી તાલુકામાં આમ આદમી પાર્ટીના સભાડીયા બેઠકના સભ્ય રમીલાબેન પુનકીયા ભાજપના સમર્થનથી પ્રમુખ પદ માટે ઉમેદવારી નોંધાવતા રાજકીય ચર્ચાઓ તેજ બની છે. બીજી તરફ કોંગ્રેસમાંથી શાંતાબેન ડેર અને આમ આદમી પાર્ટીમાંથી કૃષ્ણાબેન ખુમાણે પણ ઉમેદવારી નોંધાવી છે. હવે કોણ પ્રમુખપદે વિજેતા બને છે તેના પર સૌની નજર મંડાઈ છે. આ હાઈ વોલ્ટેજ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન, ભાજપના સાંસદ ભરત સુતરીયા અને મહામંત્રી ચેતન શિયાળ સહિતના અગ્રણી નેતાઓ હાજર રહ્યા હતા. સામે પક્ષે, કોંગ્રેસ, AAP ના નેતાઓ પણ ઉમેદવારી પત્ર ભરતી વખતે ઉપસ્થિત રહ્યા હતા.

# વાયરલ ઓડિયો બાદ ભાજપમાં આંતરિક વિખવાદ ગરમાયો, નીતિન પટેલનો ચંદ્રકાંત પટેલ પર પ્રહાર

કડી, તા.૨૪

ગુજરાત ભાજપમાં આંતરિક વિખવાદ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. મહેસાણા ભાજપના કોર્પોરેટર ચંદ્રકાંત પટેલની એક વિવાદિત ઓડિયો ક્લિપ વાયરલ થતાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલએ મૌન તોડ્યું છે. વાયરલ ઓડિયોમાં ચંદ્રકાંત પટેલ નીતિન પટેલ વિરુધ્ધ અપશબ્દો બોલતા અને તેમની રાજકીય કારકિર્દી



ખતમ કરવાની વાત કરતા સંભળાઈ રહ્યા છે. આ મામલે પ્રતિક્રિયા આપતા નીતિન પટેલે જણાવ્યું કે આ ઓડિયો પાંચ વર્ષ જૂનો છે. તેમણે દાવો કર્યો કે તેમના પાસે વધુ એક જૂનો ઓડિયો પણ આવ્યો છે, જેમાં ચંદ્રકાંત પટેલ ભાજપના સત્તાવાર ઉમેદવારને હરાવવાનો પ્રયાસ કરતા હોવાનું સામે આવે છે. નીતિન પટેલે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે જેને તેમણે રાજકારણ અને વ્યવસાયમાં આગળ વધાર્યા, તે જ આજે તેમની પીઠ પાછળ ખંજર ભોંકી રહ્યો છે. સાથે જ તેમણે ભાજપ હાઈકમાન્ડ પાસે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## રાજ્યમાં ગરમીનો કહેર યથાવત, સુરેન્દ્રનગર ૪૩.૮ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર



અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. હવામાન વિભાગના તાજા આંકડા અનુસાર રાજ્યના અનેક શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યું છે. સુરેન્દ્રનગર ૪૩.૮ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું. જ્યારે રાજકોટમાં ૪૨.૭ ડિગ્રી, અમદાવાદમાં ૪૨.૩ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ગરમ પવન અને ભારે બફારાને કારણે લોકોને દિવસ-રાત પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. રાત્રિના તાપમાનમાં પણ વધારો થતાં લોકોને રાહત મળી રહી નથી. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી સાત દિવસ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો માહોલ યથાવત રહેશે.

## ચંદનજી ઠાકોરના ભાજપ પર ગંભીર આક્ષેપ, ભાજપે કહ્યું કોંગ્રેસના આરોપ પાયાવિહોણા



પાટણ, તા.૨૪

સિધ્ધપુરના પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોરએ ભાજપ પર 'શકુનિ નીતિ' અપનાવવાનો આક્ષેપ કર્યો છે. તેમણે જણાવ્યું કે કોંગ્રેસને બહુમતી મળ્યા બાદ પણ ભાજપ પોલીસ, તંત્ર અને દબાણનો ઉપયોગ કરીને કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયતો તોડવાનો પ્રયાસ કરે છે. સરસ્વતી તાલુકામાં કોંગ્રેસના ડેલિગેટ અને તેમના પરિવાર પર દબાણ કરાયું હોવાનો પણ તેમણે આરોપ લગાવ્યો. આક્ષેપોનો જવાબ આપતા પાટણ ભાજપ જિલ્લા પ્રમુખ રમેશભાઈ સીધવએ કહ્યું કે કોંગ્રેસ પાસે આક્ષેપો કરવા સિવાય બીજું કંઈ નથી. ભાજપ વિકાસની રાજનીતિમાં વિશ્વાસ રાખે છે અને કોંગ્રેસના આક્ષેપો સંપૂર્ણપણે પાયાવિહોણા છે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
STAR TATA AIG Medi Assist SBI general care RELIANCE BAJAJ Allianz
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ
ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા
માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪॥। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWEL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો. ૯૮૨૫૨ ૧૨૬૭૪
કનુભાઈ સાંખટ મો. ૭૬૨૨૯ ૮૨૭૨૨